અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR/69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃત્તિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર

ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ — મતદાન અવશ્ય કરો

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૬૯,૨૨૪૮૬૯,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ચૈત્ર વદ ૩૦ વર્ષ : ૨૮ અંક ૨૨૬






જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બાસ બેન્ડ

અમારી કોઇ બીજી શાખા નથી
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી


BEFORE / AFTER
હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી
ડૉ. હર્ષિત રાણપરા M.D, DVD
(Diplomate - અમેરિકન બોર્ડ ઓફ હેર રીસ્ટોરેશન સર્જરી)
ADIVA centre for skin and hair
81607 28372 | 99257 73435
www.adivaclinic.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૨,૯૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬-૦૫-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

હવાબાણ
जलजीरा
स्वाद मजेदार पियो बार-बार
TRUSTED SINCE 1942


AVAILABLE AT ALL PROVISION & MEDICAL STORE
9974351065 I 7777923131

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યક્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

AIRAVAT CANCER CARE
SHREE RMS HOSPITAL

ડૉ. ઋષિત દવે
એમ.એસ., એમ.સીએચ. (જી.સી.આર.આઇ)
કેન્સરનું નિદાન તેમજ કેન્સરના ઓપરેશનના નિષ્ણાંત...
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ
એડ્રેસ : કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી
૬૩૫૩૧ ૧૩૯૯૨ | ૯૪૨૯૬ ૮૯૩૮૯
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૫૮૦/૨૨૯૫૮૦



જલારામ સુઝુકી ચિતલ રોડ, અમરેલી મો. ૭૩૮૩ ૪૩૮૩ ૪૫ | જલારામ સુઝુકી - ધારી મો. ૭૫૬૭૨ ૪૫૨૯૦
Fo : સાંઇ સુઝુકી - લાઠી મો.૯૮૨૫૨ ૦૭૦૯૨ | રોયલ સુઝુકી - સાવરકુંડલા મો.૯૭૨૩૨ ૩૯૭૯૮ | જલારામ સુઝુકી - રાજુલા મો.૮૦૦૦૦ ૮૮૦૭૦

આપનો મત કિંમતી છે અવશ્ય મતદાન કરો
Avadh HERITAGE
આવો મતદાનનું મહાપર્વ ઉજવીએ
અવધ હેરિટેજ રિસોર્ટમાં
૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં મતદાન કરનારને ૨૫% ડિસ્કાઉન્ટ
આંગળી ઉપર મતદાનનું નિશાન બતાવી તારીખ ૭ મી એ ૨૫% ડિસ્કાઉન્ટ મેળવો
નોંધ :- મતદાન પુર્વે વહેલા તે પહેલાના ધોરણે આપનું બુકિંગ કરાવી ૨૫ ટકા ડિસ્કાઉન્ટને સુનિશ્ચિત કરો

અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮


પહેલા મતદાન પછી જલપાન
આજે 7 મે ના ત્રીજા ચરણ માટે થઈ રહેલા મતદાનમાં જરૂર ભાગ લો.
એક જવાબદાર નાગરિક તરીકે દેશની પ્રગતિ માટે તમારો મત જરૂર આપો.
તમારો એક મત
ભ્રષ્ટાચાર, ગરીબી, અને પરિવારવાદ વિરુદ્ધ દેશની લડાઈને મજબૂત કરશે
દેશને લાવશે વધુ આગળ
વિકસિત ભારત બનાવશે
આ છે મોદીની ગેરંટી
મોદીજીને મત આપવા માટે
કમળનું બટન દબાવો
ભાજપને જીતાડો
ફરી એક વાર મોદી સરકાર
Published by: Bharatiya Janata Party, 6A, Pandit Deen Dayal Upadhyaya Marg, New Delhi




મતદાન અવશ્ય કરો

# અવધ ટાઈમ્સ

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

## ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૨ તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર




### રવિવારે શ્રી રૂપાલાની રેલીમાં રાજમાર્ગો ઉપર જનસૈલાબ ઉમટ્યો

# લોકસંપર્કમાં શ્રી રૂપાલા ઉપર આશિર્વાદ વરસાવતું રાજકોટ

**શ્રી નરેન્દ્ર મોદીની યાત્રાને અવિરત કરવા શ્રી રૂપાલા સાથે અડીખમ રાજકોટમાં શ્રી રૂપાલાને દિલ્હી મોકલી અબ કી બાર ૪૦૦ પારનાં સુત્રને સાર્થક કરવા થનગનાટ**

**સત્તાધારનાં મહંત શ્રી પુજ્ય વિજયબાપુ, સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંતો, વિવિધ સંતોનાં આશિર્વાદ : કાર્યકર્તાઓને વધુ મતદાન કરાવવા શ્રી રૂપાલાનો અનુરોધ**







અમરેલી,

રવિવારે શ્રી રૂપાલાની રેલીમાં રાજમાર્ગો ઉપર જનસૈલાબ ઉમટ્યો હતો અને સોમવારે રાજકોટમાં ડોર ટુ ડોર લોકસંપર્કમાં શ્રી રૂપાલા ઉપર રાજકોટે મન મુકી આશિર્વાદ વરસાવ્યાં હતાં.

શ્રી નરેન્દ્ર મોદીની યાત્રાને અવિરત કરવા શ્રી રૂપાલા સાથે અડીખમ રાજકોટમાં શ્રી રૂપાલાને દિલ્હી મોકલી અબ કી બાર ૪૦૦ પારનાં સુત્રને સાર્થક કરવા થનગનાટ સાથે રાજકોટવાસીઓ ઉપરાંત સંતો, મહંતોએ પણ વિજયી ભવનાં આશિર્વાદ શ્રી રૂપાલાને પાઠવ્તાં હતાં. સૌરાષ્ટ્રની વિખ્યાત જગ્યા સત્તાધારનાં મહંત શ્રી પુજ્ય વિજયબાપુએ શ્રી રૂપાલાનાં નિવાસ સ્થાને પધારી અને તેમને વિજયી બનાવવાનાં આશિર્વાદ પાઠવ્યાં હતાં આ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંતો, વિવિધ સંતોનાં આશિર્વાદ શ્રી રૂપાલાએ મેળવ્યાં હતાં અને લોકસભા ચુંટણીમાં ભાજપ ૪૦૦ પારનો સંકલ્પ કરે અને શ્રી નરેન્દ્રભાઇ મોદી ત્રીજી વખત ભારતનાં વડાપ્રધાન બને તે માટે દુર્લભ અને નિષ્ઠાવાન કાર્યકરોને વિનંતી કરી ભાજપનાં ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાએ જણાવ્યું છે કે રાજકોટ લોકસભાનાં દરેક મતદારોને મતદાન મથક સુધી પહોંચાડી અને ૧૦૦ ટકા મતદાન થકી રાજકોટ કેસરીયા રંગે રંગાય તેવો વિજય સંકલ્પ લઈએ તેમ શ્રી પરશોતમભાઇ રૂપાલાએ અનુરોધ કર્યો હતો.

### અમરેલી લોકસભા બેઠકમાં ૯૮૮૦ સામે અટકાયતી પગલા લીધા : લોકો ભયમુક્ત બની મતદાન કરે

# મતદાન સમયે સળી કરનાર સામે કડક પગલા ભરાશે : એસપીશ્રી હિમકરસિંહ

**કાયદો વ્યવસ્થા માટે સજ્જડ પગલાઓ લેવાયાં : સીઆરપીએફ, એસઆરપી અને પોલીસનો કડક બંદોબસ્ત : જિલ્લામાં ૧૪ ને પાસામાં, ૨૧ ને જિલ્લા હદપાર કર્યા : ૯૯૫ હથીયાર કબ્જે લેવાયા : ૧૩૮૧ સામે બિનજામીન પાત્ર વોરંટ બજાવાયાં**

અમરેલી,

લોકસભા ચુંટણી અનુલક્ષીને અમરેલી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા એસપીશ્રી હિમકરસિંહે જણાવ્યું હતુ કે અમરેલી લોકસભા બેઠકમાં શાંતિપુર્વક મતદાન થાય તે માટે સીઆરપીએફ, એસઆરપી અને પોલીસ તથા હોમગાર્ડ પણ કડક બંદોબસ્ત જાળવશે. જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૯૮૮૦ સામે અટકાયતી પગલા, ૧૪ શખ્સોને પાસામાં અને ૨૧ શખ્સોને જિલ્લા હદપાર કરેલ છે. એટલુ જ નહી દારૂના અંકુશ માટે રેઈડ કરી ૭૩૩ કેસો દેશી દારૂનાં અને ૫૬૧૧ લીટર દારૂ કબ્જે કર્યો છે. ૩૬ ઈંગ્લીશ દારૂના દરોડા પાડી ૩૦૬૧ બોટલ દારૂ મળી કુલ ૩૬ લાખ ૯૮ હજારનો મુદામાલ પોલીસે કબ્જે કર્યો છે. જિલ્લામાં ૯૯૫ હથીયારો કબ્જે લેવાયા છે. ગેરકાયદેસર હથીયારો રાખનાર ૯ સામે કેસો નોંધાયા છે. એટીએસની ટીમ સાથે એસઓજીએ ૩ કરોડનું મેફેડ્રોન પકડી પાડયુ છે. ઉપરાંત ગાંજાના કેસો પણ કર્યા છે. ચુંટણી અનુલક્ષીને ૧૩૮૧ બિન જામીન પાત્ર વોરંટ ઈસ્યુ કર્યા છે જિલ્લામાં ૧૨૨ ફ્લેગ માર્ચ યોજી કાયદો વ્યવસ્થા જાળવવા જરૂરી તમામ પગલા લીધા હોવાનું એસપીશ્રી હિમકરસિંહે જાવ્યું હતુ.

### ૧૩ લાખ લોકો સુધી તંત્ર મતદાન કરવાની અપિલ લઇ પહોંચ્યું

# અમરેલી જિલ્લામાં મતદાર જાગૃતી માટે ડીડીઓ શ્રી પરિમલ પંડ્યાની અભુતપુર્વ કામગીરી

**ઇતિહાસમાં પહેલી વખત જ અનેક કાર્યક્રમો યોજી લોકસંપર્ક કર્યો**

**અમરેલી જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરીમલ પંડયાએ આપેલી વિગતો**

અમરેલી,

અમરેલી જિલ્લામાં લોકસભા ચુંટણી અનુલક્ષીને જન જાગૃતી માટે ભરપુર પ્રયાસો સાથે કામગીરી કરવામાં આવી છે. ઓછુ મતદાન ન થાય તે માટે સુચારૂ આયોજન કર્યુ છે. લોકસભા બેઠકમાં ૪૨૯૫૨૭ લોકોનો સંપર્ક કરી માર્ગદર્શન અપાયુ હતુ શાળા કોલેજમાં દોઢ લાખ સંકલ્પ પત્ર ભરાયા અને ૭૨૯૨૭ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રાથમિક શાળાઓમાં ૭૨ હજાર બાળકોના વાલીઓનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. સિનિયર સીટીઝનો માટે ખાસ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. જનજાગૃતી માટે અઢી લાખથી વધુ ઘરો કવર કર્યા છે મનરેગાના કામોમાં મજુરોને સંપર્ક કરી અને ઔદ્યોગીક એકમો પર સ્વવેતન રજા મળે તે માટે સંપર્ક કર્યો હતો ૫ હજાર જેટલા કર્મચારીઓનો સંપર્ક કરવામાં આવેલ છે. જિલ્લાનાં ૪૪૦ ગામોમાં પાઠશાળાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૮૫ થી વધુ ઉમરના ૭૩૦ સિનિયર સીટીઝનો અને દિવ્યાંગ ૧૫૯ માટે પણ સુવિધા કરાયાનું જણાવ્યું હતુ. ૨૫૦૦ ખેડુતોને માર્ગદર્શન આપ્યું હતુ જિલ્લાની શાળાઓમાં ઉપરાંત રનફોર વોટ કાર્યક્રમમાં ૩૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા. જિલ્લા તંત્ર ૧૩ લાખથી વધુ લોકો સુધી પહોંચી શક્યુ છે તેમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરીમલ પંડયાએ જણાવ્યું હતુ.

### રાજકોટ લોકસભા બેઠકમાં કોણ કયાં મતદાન કરશે ?

# રાજકોટમાં શ્રી વજુભાઇ વાળા, શ્રી વિજયભાઇ રૂપાણી, શ્રી મોકરીયા, શ્રી કાનગડ, શ્રી શાહ સવારે મતદાન કરશે

**શ્રી મોહનભાઇ કુંડારીયા, શ્રી ભાનુબેન બાબરીયા, શ્રી ઉદયભાઇ કાનગડ, ડો. શાહ, શ્રી ટીલાળા, શ્રી ભંડેરી સહિત રાજકોટમાં મતદાન કરશે**

રાજકોટ,રાજકોટ લોકસભા મત વિસ્તારામાં શ્રી વજુભાઈ વાળા સવારે ૮ કલાકે હરિહર કોમ્યુનિટી હોલ કલાવડ રોડ, શ્રી વિજયભાઈ રૂપારે સવારે ૮ કલાકે અનિરૂધ્ધ જ્ઞાન મંદિર રાજકોટ, શ્રી મોહનભાઈ કુંડારીયા ૭-૩૦ કલાકે મોરખી ખાતે, શ્રી રામભાઈ મોકરીયા સવારે ૮ કલાકે વિરબાઈ મહિલા કોલેજ, ડો. ભરત બોઘરા સવારે ૯ કલાકે આત્મીયા કોલેજ રૂમ નં.૪, શ્રી બિનાબેન આચાર્ય સવારે ૯ વાગ્યે ગેગોરિર્યન પ્બલિકસ્કુલ કાલાવડ રોડ, શ્રી મુકેશભાઈ દોશી સવારે ૭-૧૫ કલાકે માતૃ મંદિર કોટેચા ચોક રાજકોટ, શ્રી ભાનુબેન બાબરીયા સવારે ૭ કલાકે સાધુવાસવાણી સ્કુલ, શ્રી ઉદયભાઈ કાનગડ સવારે ૮ કલાકે નવયુગ સ્કુલ, ડો. દર્શિતાબેન શાહ સવારે ૭ કલાકે રૂડા ઓફિસ સામે, શ્રી રમેશભાઈ ટીલાળા સવારે ૭ કલાકે આત્મીયા કોલેજ, શ્રી રાજુભાઈ ધ્રુવ સવારે ૮-૩૦ કલાકે ધર્મેન્દ્રસિંહજી કોલેજ, શ્રી અશ્વિનભાઈ મોલીયા સવારે ૭ કલાકે શાળા નં. ૧૫ રણછોડ નગર શેરી ૧૦, ડો. માધવ દવે સવારે ૮ કલાકે બાલકુંજ હોબી સેન્ટર, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા સવારે ૯ કલાકે શાળા નં. ૬૫ શ્રમજીવી સોસાયટી, શ્રી નયૈનાબેન પેઢડીયા સવારે ૭ કલાકે શાળા નં.૭૨ આર્યનગર, શ્રી કમલેશ મિરાણી સવારે ૮ કલાકે રવિદ્રનાથ ટાગોર શાળા, શ્રી ધનસુખભાઈ ભંડારી સવારે ૭-૧૫ કલાકે માતૃ મંદિર સ્કુલ, માંધાતાસિંહ જાડેજા સવારે ૯ વાગ્યે દાદાની ઓફિસ પાસે, શ્રી વિક્રમભાઈ પુજારા સવારે ૮ કલાકે ધોળકીયા સ્કુલ, શ્રી જૈમીનભાઈ ઠાકર સવારે ૯ કલાકે નેસ્ટ પ્રાઈમરી સ્કુલ, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા સવારે ૮ કલાકે ઘંટેશ્વર પ્રા.શાળામાં મતદાન કરશે.

### લોકસભા ચૂંટણીનું આજે મતદાન : લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં જોડાવા અનુરોધ કરતા રાજકોટના આગેવાનો

**ભાજપનાં શ્રી મુકેશ દોશી, શ્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો અનુરોધ કરાયો**



રાજકોટ,

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવેલ છે કે પક્ષ એટલે વિચારધારા, પક્ષ એટલે સંસ્કાર અને સંસ્કૃતિ, પક્ષ એટલે સંગઠન, પક્ષ એટલે સક્રિય રાજકારણ, પક્ષના કાર્યકરોની એકતા અને સંગઠનની તાકાત વધારી તેને પક્ષના ઉદ્દેશો ને સામાન્ય જનતા સુધી પહોંચાડી પાર્ટીનો વિસ્તાર વધારવા તરફ રાહ ચિંધવાની ક્ષમતા, કૌશલ્ય અને કુનેહ ધરાવતું પ્રતિભાશાળી વ્યકિતત્વ હોય. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર ત્રીજી વખત બને અને દેશના લોકહિતકારી કાર્યો છેવાડાના માનવી સુધી અવિરત મળતા રહે એ માટે લોકશાહીના મંદિરને ધબકતું રાખવા માટે, લોકશાહીના આ પર્વને ઉજવવા માટે આવતીકાલે લોકસભાની ચૂંટણીના મતદાનનો ધર્મ નિભાવવાની દરેક મતદારની ફરજ છે ત્યારે સૌએ સો ટકા મતદાન થાય, રાષ્ટ્રવાદથી છલકાતી ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય અને દેશમાં કમળ સોળે કળાએ ખીલે અને સુખાકારીની સુગંદ વધે અને લોકશકિતના સંગાથે ભારતીય જનતા પાર્ટી પોતાની સેવાનો વ્યાપ વિસ્તારે એ માટે ગુજરાતની પ્રજાના આશિર્વાદ હરહંમેશ ભારતીય જનતા પાર્ટીની સાથે છે એ નિશ્ચિત છે ત્યારે આવતીકાલે તા.૭/૦૫ના મંગળવારે લોકસભાની ચુંટણીમાં જનતાને લોકશાહીના આ પર્વને ઉજવવા મતદાનનો પવિત્ર ધર્મ ઉજવી જંગી મતદાન કરી અને રાજકોટના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જીતાડવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ અનુરોધ કર્યો હતો.


### મતદાનને કારણે ધારી યાર્ડમાં હરરાજી બંધ

ધારી, (ઉદય ચોલેરા)

લોકસભા ચુંટણીને કારણે આજે તા.૭ મતદાન હોવાથી ધારી માર્કેટયાર્ડમાં હરરાજીનું કામકાજ બંધ રહેશે તા.૮ થી માર્કેટયાર્ડ રાબેતા મુજબ શરૂ થશે તેમ ધારી માર્કેટયાર્ડના સુત્રોએ જણાવ્યું છે.

# રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી રૂપાલા ઇશ્વરીયામાં અને શ્રી ધાનાણી અમરેલીમાં મતદાન કરશે

**બન્ને ઉમેદવારો મતદાન કરીને પોતાના મત વિસ્તારમાં જશે**



અમરેલી,

રાજકોટ લોકસભા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા આજે તા.૭ને સવારે ૭ વાગ્યે ઈશ્વરીયા પ્રાથમિક શાળા ખાતે મતદાન કરી પોતાની પવિત્ર ફરજ બજાવશે. રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર શ્રી પરેશ ધાનાણી અમરેલીમા આજે સવારે મતદાન કરી પોતાની પવિત્ર ફરજ નિભાવશે.




**સંકુલ ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ - ઈંગ્લીશ મિડીયમ**
**ધો. ૧૧-૧૨ આર્ટસ કોમર્સ સાયંસ - ગર્લ્સ પ્રવેશ**

★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ Since 1997 – વ્યાજબી ફીજ
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોર્મસ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ ધો. ૧૧-૧૨ બન્ને વર્ષ – JEE - NEET - GUJCAT – ડેઈલી નિઃશુલ્ક કલાસ
★ ધો. ૧૦-૧૨ બોર્ડ A1-A2 ગ્રેડ ને ધો. ૧૧-૧૨ પૂર્ણ – અર્ધી સ્કૂલ ફી માફ / પરત

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad016

**મકાન વેચાવ છે**

અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે

સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

**ખખ્ખર એકાઉન્ટન્સી**

સાગર આર.ખખ્ખર (BBA,LLB)

• એકાઉન્ટીંગ • ફુડ લાઇસન્સ
• GST રજીસ્ટ્રેશન • પાસપોર્ટ (નવો) / રીન્યુ)
• GST રીટર્ન ફાઇલીંગ
• ઇન્કમટેક્ષ રીટર્ન ફાઇલીંગ • ટ્રસ્ટ એકાઉન્ટીંગ
• હોમલોન / મોરગેજ લોન • ટ્રસ્ટ રજીસ્ટ્રેશન

ડો.નરેન જોષી બિલ્ડીંગ, પહેલા માળે, રામજી મંદિર રોડ, અમરેલી
મો.૭૦૧૬૭ ૫૮૧૦૦



93283 20662 સરકાર માન્ય ISI
**ગજાનંદ**
**વજન કાંટા**
સબસીડી વાળા અહિં મળશે.
જુના માર્કેટીંગયાર્ડ અંદર, કોંગ્રેસ કાર્યાલય સામે, પહેલા માળે, અમરેલી

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ




મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**રસોઇ બનાવી શકે તેવા ભાઇ જોઇએ છે**

ગુજરાતી (શાકાહારી) ફેમીલી માટે
૨૪ કલાક, ઘરકામ અને રસોઇ કરી શકે
તેવા ભાઇ, ઉમર ૩૫ વર્ષ સુધી
સ્થળ : ગામ ખાલપર,
વાયા વંડા, તા.સાવરકુંડલા
સંપર્ક : રજનીભાઇ આંકોલિયા
મો.૮૯૮૦૮ ૮૩૩૮૮

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
**શ્રી નિવાસ ડાઇનિંગ હોલ**
નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
**ફુલ ગુજરાતી થાળી**
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે



જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

**તમારા ફ્રી સમયમાં કમાવો**

ગૃહિણી, ધંધાદારીઓ, નોકરીયાતો, શિક્ષકો, બ્યુટીશીયન, ડોક્ટરો, નિવૃતો કોઇપણ કરી શકે
શું તમે તકની શોધમાં છો ? તમારી મરજી મુજબ કમાવો
તાલીમ આપવામાં આવશે, અનુભવ અને ભણતરની જરૂર નથી, રોજ ૨-૩ કલાક કામ કરો, જ્યાં હોય ત્યાંથી કામ કરી શકો છો, ૧૮ વર્ષની ઉમરના કોઇપણ માટે
સંપર્ક : મો.૭૬૨૩૯ ૧૬૩૭૨




મતદાન અવશ્ય કરો

**અવધ ટાઈમ્સ**

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

**ઇલેક્શન - ૨૦૨૪**

www.avadhtimes.net અમરેલી ૩ તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર





### દેશના ચૂંટણી પંચ દ્વારા નિયત થયેલ રાજયની ૨૬ બેઠકો પૈકી એક બિનહરિફ થતાં ૨૫ બેઠકો માટે

# અમરેલી સહિત રાજયમાં કડક બંદોબસ્ત વચ્ચે આજે મતદાન

**અમરેલી લોકસભા મત વિસ્તારના ૮,૯૫,૬૬૬ મહિલાઓ અને ૮૩૭૧૧૮ પુરૂષો અન્ય ૨૬ મળી કુલ ૧૭૩૨૮૧૦ મતદારો આજે મતદાન કરી ફરજ બજાવશે**

**લોકસભા બેઠકમાં ૪૧,૯૦૨ યુવા મતદારો : ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા રાજુલા, મહુવા, ગારિયાધાર વિધાનસભા વિસ્તારમાં સજજડ વ્યવસ્થા કરાઇ**

**મતદાન મથકે મોબાઇલ પ્રતિબંધ : મતદાન માટે સવેતન રજા : સીઆરપીએફ પોલીસ, હોમગાર્ડ બંદોબસ્ત જાળવશે : ૧૯૪ ઝોનલ ઓફિસરો, ૧૯૪ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસરો, ૪૦૫૦ પોલીંગ સ્ટાફ, ૩૫૬૦ ફિમેલ પોલીંગ સ્ટાફ : ૧૮૪૧ બીએલઓ, ૧૧૦૦ ડિસપેચિંગ રિસીવીંગ સ્ટાફ સેવા આપશે**



અમરેલી,

દેશના ચૂંટણી પંચ દ્વારા નિયત થયેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ અમરેલી લોકસભા સહિત રાજયની ૨૫ લોકસભા બેઠકોમાં આજે કડક બંદોબસત વચ્ચે મતદાન થનાર છે. તે માટે ચૂંટણી પંચ દ્વારા સજજડ વ્યવસ્થા કરવામાં આવી છે. આજે અમરેલી લોકસભા મત વિસ્તારના ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા, રાજુલા, મહુવા, ગારિયાધાર વિધાનસભા વિસ્તારોમાં કુલ ૧૭૩૨૮૧૦ મતદારો પોતાના મતાધિકારોનો ઉપયોગ કરશે. અમરેલી લોકસભા બેઠકમાં ૮૯૫૬૬૬ પુરૂષો અને ૮૩૭૧૧૮ સ્ત્રીઓ તથા ૨૬ અન્ય મળી કુલ ૧૭૩૨૮૧૦ મતદારો પૈકી ૧૮ થી ૧૯ વર્ષની વય જુથના કુલ ૪૧૯૦૨ યુવા મતદારો પ્રથમ વખત પોતાના મતદાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણીને અનુલક્ષીને શાંતિપુર્વક મતદાન થાય તે માટે સીઆરપીએફ, એસઆરપીએફ તેમજ પોલીસ અને હોમગાર્ડ સહિત સેવા આપશે. અમરેલી બેઠકમાં ૧૯૪ જનોલ ઓફિસરો, ૧૯૪ આસિસટન્ટ જોનલ ઓફિસરો, ૪૦૫૦ પોલીંગ સ્ટાફ, ૩૫૬૦ ફિમેલ પોલીંગ સ્ટાફ અને ૧૮૪૧ બીલીએલઓ, ૧૮૪૧ પટ્ટાવાળા અને ૧૧૦૦ ડિસપેચિંગ રીસીવીંગ સ્ટાફ ફરજ બજાવશે. કુલ ૧૯૪ જોનલ રૂટ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં પોલીંગ સ્ટાફ એસટી બસોના માધ્યમથી જે તે મતદાન મથક પર મોકલવામાં આવશે. આ ચૂંટણીમાં મેડિકલ કિટ, સ્વયંસેવકો, કતાર વ્યવસ્થાપન, શરબતની વ્યવસ્થા તથા મતદાન મથકે દિવ્યાંગો અને વ્યસક મતદારો માટે વ્હીલચેર અને પિકઅપ ડ્રોપ વ્યવસ્થા સાથે હિટવેવ અંગે પણ કાળજી લેવાય છે. મતદાર સહાયતા કેન્દ્ર ઉભા કરેલ છે. ચૂંટણી પંચની ખર્ચ નિરીક્ષણ ટીમ પણ સેવા આપશે. તેમ આજે પત્રકાર પરિષદ યોજી કલેકટરશ્રી અજય દહિયા, એસપીશ્રી હિંમકરસિંહ, જિલ્લા વિકાસ અધિકારીએ વિગતો આપી હતી.

## અમરેલી સહિત રાજયભરમાં ચોથી જુને મતગણતરી

**અમરેલીમાં પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે વ્યવસ્થા**

અમરેલી, અમરેલી લોકસભા મત વિસ્તારના ૭ વિધાનસભા વિસ્તારોમાં આજે મતદાન પુર્ણ થયાં બાદ પ્રતાપરાય આર્ટસ કોલેજ લાઠી રોડ અમરેલી ખાતે સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ તથા વિવિપેટ સુરક્ષિત રાખવામાં આવશે અને લોકસભાની મત ગણતરી ચોથી જુને યોજાનાર છે.

**મતદાન મથકથી દુર માર્ગદર્શન માટે કાર્યરત ટેબલ ઉપર**

## કાળઝાળ ગરમીમાં મતદારો માટે ભાજપ દ્વારા મતદાર સહાય કેન્દ્રમાં છાશ-પાણીની વ્યવસ્થા

**અમરેલી જિલ્લાભરમાં હીટવેવ વચ્ચે મતદાન કરી નાગરીક ધર્મ બજાવવા જતા મતદારો માટે ભાજપે વધુ એક વ્યવસ્થા ઉભી કરી**

અમરેલી,

દર ચુંટણીમાં રાજકીય પક્ષો દ્વારા મતદાન મથકથી દુર માર્ગદર્શન માટે કાર્યરત ટેબલ ઉપર મતદારોને માર્ગદર્શન મળતુ હોય છે. પરંતુ આ વખતે હીટવેવ છે અને આવી કાળઝાળ ગરમીમાં મતદારો માટે ભાજપ દ્વારા મતદાર સહાય કેન્દ્રમાં છાશ-પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મતદાન મથકથી દુર ભાજપ દ્વારા મતદાન માટે આવતા જતા મતદારોને તેમના મતદાન ક્રમાંક નંબર અને બુથ વિષેની માહિતી આપવા ઉપરાંત અમરેલી જિલ્લાભરમાં હીટવેવ વચ્ચે મતદાન કરી નાગરીક ધર્મ બજાવવા જતા મતદારો માટે ભાજપે વધુ એક વ્યવસ્થા ઉભી કરી અને પાણી તથા ઠંડી છાશની વ્યવસ્થા ઉભી કરી છે જે પહેલી જ વખત કરવામાં આવી રહી છે.

**ભૌગોલિક રીતે પડકારજનક સ્થિતિ છતાં પણ**

## અરબ સમુદ્રની વચ્ચે આવેલા શિયાળબેટ ટાપૂમાં મતદાન માટેની સૂવિધાઓ પહોંચી

**રાજુલાથી બસમાં અને દરિયાઇ જેટી અને હોડીમાં શિયાળબેટ ટાપુ પર પહોંચ્યા ઈ.વી.એમ. અને મતદાન સામગ્રી પહોંચડવામાં આવી**



અમરેલી, અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં તા.૭મે, ૨૦૨૪ના રોજ મંગળવારના રોજ ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી લોકસભાની સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાશે. પ્રત્યેક નાગરિક તેના મતદાનનો ઉપયોગ કરી શકે તે માટે રાષ્ટ્રના ચૂંટણી પંચ દુર્ગમ વિસ્તારોમાં અનેક પડકારોની વચ્ચે પણ મતદાન પ્રક્રિયાની તૈયારીઓ સાથે સજ્જ અને કટિબધ્ધ છે. અમરેલી જિલ્લામાં જાફરબાદ તાલુકામાં દરિયાની વચ્ચે આવેલો શિયાળબેટ ટાપુ એ વિશિષ્ટ સ્થિતિ ધરાવે છે. દરિયાથી ચોમેર ઘેરાયેલા ટાપુ પર વસતા મતદારો મતાધિકારથી વંચિત ન રહે તેથી અમરેલી જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા દરિયામાં હોડી મારફતે ઈ.વી.એમ. મશીન અને મતદાન સામગ્રીઓ પહોંચાડવામાં આવે છે અને શિયાળબેટમાં મતદાન પ્રક્રિયાઓને અનુસરવામાં આવે છે. રાજુલા મુકામે આવેલા ઈ.વી.એમ. ડિસ્પેન્ચીંગ કેન્દ્ર ખાતેથી શિયાળબેટ ખાતે યોજનાર મતદાન માટે બસ મારફતે જેટી સુધી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રીના આ સફળ આયોજનના પગલે મારફતે મતદાન પ્રક્રિયા માટે ઈ.વી.એમ. યુનિટ અને મતદાન સામગ્રીઓ પહોંચાડવામાં આવી હતી. મંગળવારે તા.૦૭મે, ૨૦૨૪ના રોજ શિયાળબેટ પર મતદાન પ્રક્રિયા યોજાશે. શિયાળબેટ પહોંચવા દરિયાઈ માર્ગ એકમાત્ર વિકલ્પ છે ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓ માટે શિયાળબેટ પહોંચવા ચૂંટણી તંત્ર દ્વારા બે બોટની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ સાથે સુરક્ષાકર્મીઓ પણ મતદાન પ્રક્રિયામાં જોડાશે. શિયાળ બેટમાં મતદાન પ્રક્રિયા માટે ૦૫ ટીમ ફરજ બજાવશે. શિયાળબેટ ખાતે પ્રાથમિક શાળા ખાતે ૫,૦૪૮ મતદારો માટે મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થશે. તા. ૦૫-૦૧-૨૪ની સ્થિતિએ શિયાળ બેટમાં ૨,૫૮૨ પુરુષ અને ૨,૪૬૬ મહિલા, ૧૪ પી.ડબલ્યુ.ડી.- દિવ્યાંગો સહિત ૫,૦૪૮ મતદારો છે. ૮૦+ની વય ધરાવતા ૫૪ મતદારો છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની આ મતદાન પ્રક્રિયા માટે ૨૦ પોલીંગ સ્ટાફ, ૦૫ બી.એલ.ઓ.શ્રી, પ્રિસાઈડીંગ અધિકારીશ્રી, ઝોનલ અધિકારીશ્રી સુરક્ષાકર્મીઓ મળી ૪૦ જેટલા ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી અને કર્મચારીઓ બોટ મારફતે અરબ સાગર ખેડી અને લોકશાહીના પર્વને મતદારો સુધી લઈ જવા માટે પહોંચી ચૂક્યા છે.

## અમરેલી લોકસભા બેઠકમાં કુલ ૪૯ સખીમતદાન મથકો અને ૭ મોડેલ મતદાન મથકો ઉભા કરાયા

**વિધાનસભા મતદાર વિભાગ દીઠ એક મળી ૭ પીડબલ્યુડી મતદાન મથકો**

અમરેલી,

અમરેલી લોકસભા મત વિસ્તારમાં ચૂંટણી તંત્ર દ્વારા દરેક વિધાનસભા મતદાર વિભાગ દીઠ ૭ મળી કુલ ૪૯ સખી મતદાન મથકો અને ૭ મોડેલ મતદાન મથકો તથા ૭ પીડબલ્યુડી મતદાન મથકો અને એક યુવા મતદાન મથક ઉભુ કરવામાં આવેલ છે. ચૂંટણી પંચની સુચના મુજબ કુલ ૧૮૪૧ પૈકી ૯૨૨ મતદાન મથકો પર લાઈવ વેબ કાસ્ટીંગ કરવામાં આવનાર છે. જેમાં ૪૫૯ ક્રિટીકલ મતદાન મથકોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ચૂંટણીમાં આચારસંહિતાના અમલીકરણ માટે ૧૦૧ ફરિયાદોનો ૧૦૦ મિનિટની સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવ્યો છે.

## લોકસભાની બેઠકમાં ૭ સ્થળોએ વુમન પોલીંગ સ્ટેશન ઉભા કરાયાં

**ધારી, અમરેલી, લાઠી, કુંડલા, રાજુલા, મહુવા, ગારિયાધારમાં મહિલા સંચાલિત પોલીંગ બુથો**

અમરેલી,

અમરેલી લોકસભા મત વિસ્તારમાં ૭ મહિલા સંચાલિત પોલીંગ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં બગસરા, ધારી, ધારીના લેનપરા, ધારીના હરિપરા, ધારીના પ્રેમપરા, નાનુડી અને અમરેલીના બાદનપુર નવા, ખાખરીયા, અમરેલી, લાઠીના ચરકા, અમરાપરા, પ્રતાપગઢ, સાવરકુંડલાના લીલીયા મોટા, સાવરકુંડલા, મોટા બારમણ, ધારેશ્વર, ધુડીયા અગારીયા, દેવકા, પીછડી, છેલણા અને જાફરાબાદમાં તેમજ મહુવા, બાદરોડ, ગારિયાધારમાં સંપુર્ણ મહિલાઓ સંચાલિત પોલીંગ સ્ટેશનની જેમ જ લાઠીમાં યુવાનો સંચાલિત પોલીંગ સ્ટેશન ઉભુ કરવામાં આવ્યું છે.

## અમરેલી લોકસભા બેઠકના ૭ વિધાનસભા મતવિસ્તારોમાં કયાં, કેટલા મતદારો ?

**કુલ બેઠકમાં ૧૭૩૨૮૧૦ પૈકી ૪૧૯૦૨ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે**

અમરેલી,

અમરેલી લોકસભા મતદાર વિભાગમાં કુલ ૭ વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ થાય છે. જે પૈકી વિધાનસભા વાઈઝ આંકડા જોવામાં આવે તો ધારીમાં ૧૫૫૮૪૦ પુરૂષો, ૧૦૬૮૩૫ સ્ત્રીઓ ૬ અન્ય મળી કુલ ૨૨૨૫૮૧ અને અમરેલીમાં પુરૂષો ૧૪૫૦૮૫, સ્ત્રીઓ ૧૩૬૭૮૧ અન્ય ૩ મળી ૨૮૧૮૬૯ અને લાઠી બેઠકમાં ૧૧૭૨૪૭ પુરૂષો, ૧૦૮૯૪૮ સ્ત્રીઓ અન્ય ૧ મળી ૨૨૬૧૯૬ અને સાવરકુંડલામાં ૧૩૧૬૬૨ પુરૂષો, ૧૨૧૩૭૭ સ્ત્રીઓ ૧૬ અન્ય મળી કુલ ૨૫૩૦૫૫ અને રાજુલામાં ૧૪૨૭૨૮ પુરૂષો, ૧૩૩૭૮૯ સ્ત્રી મળી કુલ ૨૭૬૫૧૭ અને મહુવામાં ૧૨૬૦૬૧ પુરૂષો, ૧૧૯૮૨૧ સ્ત્રીઓ મળી કુલ ૨૪૫૮૪૨ અને ગારિયાધારમાં ૧૧૭૦૮૩ પુરૂષો, ૧૦૯૬૬૭ સ્ત્રીઓ મળી કુલ ૨૨૬૭૫૦ મતદારો આમ અમરેલી લોકસભા સમગ્ર બેઠકમાં ૮૯૫૬૬૬ પુરૂષો અને ૮૩૭૧૧૮ સ્ત્રીઓ અન્ય ૨૬ મળી કુલ ૧૭૩૨૮૧૦ મતદારો પોતાની આજે પવિત્ર ફરજ બજાવશે.

## અમરેલી જિલ્લામાં હીટ વેવ સામે છાંયણા પાણી સહિતની વ્યવસ્થા

અમરેલી, અમરેલી જિલ્લામાં લોકસભા ચુંટણી અનુલક્ષીને આજે સવારે ૭ થી ૬ સુધી મતદાન થનાર છે બીજી તરફ મતદાનના દિવસે ૪૨ ડિગ્રી તાપમાનને કારણે હીટ વેવની શકયતા સામે પણ તંત્ર એલર્ટ બન્યું છે. મતદાન મથકોએ પાણી, છાંયણાની વ્યવસ્થા કરવામાં આવી છે કર્મચારીઓ કામદારોને સ્વવેતન રજાઓ મળે તે માટે જાણ કરાઇ છે. વૃધ્ધો દિવ્યાંગો માટે ૫૪ અરજીઓ આવેલી તેથી મેડીકલ કીટની વ્યવસ્થા અને ઓઆરએસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લામાં ૧ મતદારે પીકઅપ અને ડ્રોપ માટે માંગણી કરેલી તેથી વ્યવસ્થા કરવામાં આવી છે. ૩ ફલાઈંગ સ્કવોર્ડ સતત કાર્યરત રહેશે. જિલ્લામાં ૫૦ ટકા પોલીસ સ્ટેશનોમાં વેબ કાસ્ટીંગ વ્યવસ્થા કરેલ છે. અમુક પોલીસ સ્ટેશનોમાં માઈક્રો ઓબ્ઝર્વર મુકેલ છે. શિયાળબેટમાં પણ મતદાન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવ્યાનું શ્રી અજય દહીંયાએ જણાવ્યું હતુ.


અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન

**જય રામદેવ ટ્રાવેલ્સ**



તદ્દન ન્યુ બ્રાન્ડ

A/C, NON A/C

બસ



નેસડીથી સુરત

તાતણીયાથી સુરત

ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL

ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત

ટાઇમ રાત્રે ૭, ૮, ૯

ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી

અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૭૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦

ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,

Online Booking : www.jayramdevtravels.com






Aadhar Housing Finance Ltd

GHAR BANEGA, TOH DESH BANEGA.

www.aadharhousing.com

We are India's largest^ low-income housing finance company, present in **533** districts across **20** states and UTs*, focusing on providing housing finance to low-income groups and economically weaker sections.

Promoted by BCP Topco (which is managed and/or advised by affiliates of Blackstone Group Inc., one of the world's leading investment firms).

As of December 31, 2023, we had **255,683**** live accounts (including assigned and co-lent loans) and we had the highest number of live accounts among analysed peers in FY 2023, according to CRISIL.

We had the highest **AUM^** and **Net Worth^** among analysed peers for the Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine months ended December 31, 2023^, according to CRISIL.

We actively participate in various affordable housing initiatives of the Government of India, such as the **PMAY** scheme.

**We are Aadhar Housing Finance.**

(*As of December 31, 2023), ^Gross AUM of Aadhar Housing Finance Limited (Rs. Million): 133,271.0; 147,777.9; 172,228.3; 198,651.6 and Net Worth (Rs. Million): 26,927.6; 31,466.3; 36,976.0; 42,491.0 as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2023 respectively. As per CRISIL Report, Aadhar Housing Finance Limited has the highest AUM and net worth amongst select peers in India analysed, as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2022 and December 31, 2023. (** LIVE ACCOUNTS: (including assigned and co-lent accounts) 182,471; 204,135; 233,228; 255,683 as of March 31, 2021, 2022, 2023 and December 31, 2023, respectively). #The number of branches does not include regional and corporate offices.

**Top 5 Risk Factors;** 1.Our Erstwhile Promoters are subject to ongoing regulatory investigations by enforcement agencies including the Enforcement Directorate and the outcome of such investigations may adversely impact us and the Equity Shares held by our Promoter, BCP Topco and the market price of the Equity Shares of our Company. 2.We are party to certain legal proceedings and any adverse outcome in these or other proceedings may adversely affect our business. 3.We depend on the accuracy and completeness of information provided by our potential borrowers and third-party service providers. Our reliance on any misleading information given by potential borrowers may affect our judgment of credit worthiness of potential borrowers, and the value of and title to the collateral, which may affect our business, results of operations, cash flows and financial condition. 4.We have had negative net cash flows in the past and may continue to have negative cash flows in the future. 5.Any increase in the levels of non-performing assets in our AUM would adversely affect our business, results of operations, cash flows and financial condition.

**Aadhar Housing Finance Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares (**"Equity Shares"**) and has filed the red herring prospectus dated April 30, 2024 (the **"RHP"**) with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of stock exchanges i.e. NSE at www.nseindia.com, BSE at www.bseindia.com and on the website of the Company at https://aadharhousing.com/ and on the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Citigroup Global Markets India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/asia/india/index.html and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled *"Risk Factors"* beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 24 of the RHP.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act, and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 41

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર

# સૌથી જુની પાર્ટી કોંગ્રેસનાં યુવરાજ રાહુલ ગાંધી જીતે તેની ઉપર કોંગ્રેસનો દારોમદાર

રાહુલ ગાંધી ફરી અમેઠી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે કે નહીં અને સોનિયા ગાંધીએ ખાલી કરેલી રાયબરેલી લોકસભા બેઠક પરથી કોને ઉતારાશે એ બંને સવાલનો જવાબ કોંગ્રેસે રાહુલ ગાંધીને રાયબરેલીમાંથી ટિકિટ આપીને આપી દીધો. પ્રિયંકા ગાંધી રાયબરેલી લોકસભા બેઠક પરથી લડીને ચૂંટણીના મેદાનમાં ઉતરશે અને રોબર્ટ વાડરા અમેઠીમાંથી ઉભા રહી શકે એવી અટકળો પણ ચાલતી હતી. કોંગ્રેસે આ અટકળો પર પણ પૂર્ણવિરામ મૂકી દીધું છે. હાલ પૂરતાં પ્રિયંકા ગાંધીને ક્યાંયથી ટિકિટ અપાઈ નથી જ્યારે અમેઠીમાંથી લડવા થનગનતા કોંગ્રેસ નહેરુ-ગાંધી ખાનદાનના જમાઈરાજ રોબર્ટ વાડરાના ઉત્સાહ પર પણ પાણી ફેરવી દેવાયું છે.

કોંગ્રેસે અમેઠી પર કોંગ્રેસે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે નહેરુ-ગાંધી ખાનદાનના ના હોય એવા પણ આમ પાછા ખાનદાનના ખાસ એવા કિશોરીલાલ શર્માને ટિકિટ આપી છે. કે.એલ. શર્મા તરીકે જાણીતા કિશોરી લાલ શર્મા સોનિયા ગાંધીના નજીકના નેતા છે અને નહેરુ-ગાંધી ખાનદાનના વફાદાર ગણાય છે. મૂળ પંજાબના લુધિયાણાના કે.એલ. શર્મા લાંબા સમયથી રાયબરેલીમાં રહે છે અને અત્યારે પણ રાયબરેલીમાં સોનિયા ગાંધીના સાંસદ પ્રતિનિધિ તરીકે કામ કરી રહ્યા છે પણ રાહુલ અમેઠીના સાંસદ હતા ત્યારે અમેઠીમાં પણ તેમણે કામ કરેલું. આ કારણે તેમને અમેઠી સાથે સીધી કંઈ લેવાદેવા નથી એવું લાગે પણ અમેઠીમાં તેમના વ્યાપક સંપર્કો છે જ. રાયબરેલી અને અમેઠી વચ્ચે ૬૦ કિલોમીટરનું જ અંતર છે. શર્માના રાયબરેલીમાં પણ વ્યાપક સંપર્કો છે તેથી રાયબરેલીમાંથી કાર્યકરોનાં ધાડાં ઉતારીને એ પૂરી તાકોંતથી લડી શકે છે અને કોંગ્રેસને એ ફરી અમેઠી બેઠક પાછી અપાવી શકે છે.

અમેઠી બેઠક પર શર્માને ઉતારવાનો નિર્ણય કોંગ્રેસ માટે લાગ્યું તો તીર નહીં તો તુક્કો જેવો છે. અમેઠીની બેઠકને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવવાના બદલે ખાનદાને શર્માને ઉતારીને સેફ ગેઈમ રમવાનું પસંદ કરીને શાણપણ વાપર્યું છે. શર્મા જીતી જાય તો સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીને હરાવીને નહેરુ-ગાંધી ખાનદાનનું નાક વાઢી લીધું તેનો બદલો લેવાઈ જશે ને શર્મા હારી જાય તો કોંગ્રેસે કશું ગુમાવવાનું નથી.

અલબત્ત રાયબરેલીને એ સિધ્ધાંત લાગુ પડી શકે તેમ નથી કેમ કે રાયબરેલી કોંગ્રેસ અને નહેરુ-ગાંધી ખાનદાનનો ઉત્તર પ્રદેશમાં છેલ્લો ગઢ છે. નરેન્દ્ર મોદીની આંધીમાં યુપીમાં કોંગ્રેસ સાવ પતી ગઈ પણ રાયબરેલી સચવાયું છે. ઉત્તર પ્રદેશની લોકસભા અને વિધાનસભાની છેલ્લી બંને ચૂંટણીમાં કોંગ્રેસ સાવ ધોવાઈ ગઈ છે અને ઈજ્જતનો કચરો થઈ જાય એવો દેખાવ કર્યો છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ઉત્તર પ્રદેશની ૮૦માંથી ૭૩ બેઠકો જીતીને સપાટો બોલાવેલો. એ વખતે કોંગ્રેસને ગણીને બે બેઠકો મળેલી. અમેઠી અને રાયબરેલી એ બે કોંગ્રેસના ગઢ સચવાયેલા, બાકીનું બધું મોદીની આંધીમાં જતું રહેલું.

૨૦૧૪માં મોદીના નામની લહેરના ત્રણ વરસ પછી યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસના બુરા હાલ થયેલા. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસ સાથે જોડાણ કરેલું. વિધાનસભાની કુલ ૪૦૩ બેઠકોમાં અખિલેશ યાદવની પાર્ટીએ ૩૦૩ જ્યારે કોંગ્રેસે ૧૦૦ બેઠકો પર ઝંપલાવેલું. કોંગ્રેસના તેમાંથી ગણીને ૭ નમૂના ચૂંટાયા હતા. અખિલેશનો સાથ હતો છતાં કોંગ્રેસને ગણીને ૭ બેઠકો મળી એ જોતાં કોંગ્રેસ એકલા હાથે લડી હોત તો શું થાત તેની કલ્પના પણ કરી શકાય એમ નથી.

કોંગ્રેસના ૨૦૧૯ અને ૨૦૨૨ માં આ બંને ચૂંટણી કરતાં પણ ખરાબ હાલહવાલ થયેલા. કોંગ્રેસે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે એક માત્ર રાયબરેલીની બેઠક જીતી હતી જ્યારે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં માત્ર ૨ બેઠકો જીતી હતી. આરાધના મિશ્રા અને વીરેન્દ્ર ચૌધરી એ બે કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટાયા હતા. આ બંને ઉમેદવાર પોતાની વ્યક્તિગત તાકાત પર ચૂંટાયા છે. આરાધના મિશ્રા મોના યુપીમાં બ્રાહ્મણોના સર્વમાન્ય નેતા પ્રમોદ તિવારીનાં દીકરી છે તેથી જીતે છે જ્યારે વીરેન્દ્ર ચૌધરી જાટ નેતા તરીકે જીતેલા તેથી કોંગ્રેસનું તેમની જીતમાં કોઈ યોગદાન નથી.

રાયબરેલીમાં પહેલેથી કોંગ્રેસનો દબદબો રહ્યો છે અને આ કારણે જ સોનિયા રાજકારણમાં આવેલાં ત્યારે આ બેઠક પસંદ કરેલી. સોનિયાએ કોંગ્રેસમાં એન્ટ્રી કરી પછી ૧૯૯૯માં પહેલી વાર અમેઠીમાંથી ચૂંટણી લડીને સરળતાથી જીતેલાં. ૨૦૦૪માં દીકરા રાહુલ માટે અમેઠી બેઠક ખાલી કરીને સોનિયા રાયબરેલી બેઠક પરથી લડ્યાં અને જીત્યાં પછી અત્યાર સુધી રાયબરેલીનાં સાંસદ રહ્યાં. સોનિયા રાયબરેલીમાંથી ૨૦૦૪, ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯ એમ સળંગ ચાર વાર જીત્યાં છે. ભાજપની નરેન્દ્ર મોદીની આંધીમાં પણ સોનિયા હાર્યાં નહીં અને ૨૦૧૪ તથા ૨૦૧૯માં બંને વાર દોઢ લાખથી વધારે મતે જીત્યાં હતાં.

આ કારણે રાહુલ માટે રાયબરેલીનો ગઢ જાળવવો જરૂરી છે પણ એ સરળ નથી. રાયબરેલી લોકસભા બેઠક માટે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારના કેબિનેટ મંત્રી દિનેશ પ્રતાપ સિંહ રાયબરેલીમાં ભાજપના ઉમેદવાર છે તેથી રાહુલ વર્સીસ દિનેશની ટક્કર છે. દિનેશ પ્રતાપ સિંહ હાલમાં વિધાન પરિષદના સભ્ય છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપે સોનિયા ગાંધી સામે દિનેશ પ્રતાપ સિંહને ઉતાર્યા હતા પણ સોનિયા ગાંધી સામે સિંહ જોરદાર ટક્કર આપીને હારી ગયા હતા.

દિનેશ પ્રતાપ સિંહ એક સમયે કોંગ્રેસી જ હતા ને સોનિયા ગાંધીની નજીક પણ હતા. ૬ વર્ષ પહેલાં સુધી દિનેશ પ્રતાપ સિંહ ગાંધી પરિવારના ખાસ માણસોમાં ગણાતા હતા. ૨૦૧૮માં તેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતા અને ભાજપે તેમને સોનિયા સામે ઉમેદવાર બનાવ્યા હતા. દિનેશ પ્રતાપ સિંહ સ્થાનિક નેતા છે અને રાયબરેલીના રાજકારણ અને જ્ઞાતિનાં સમીકરણોને સારી રીતે સમજે છે. દિનેશ પ્રતાપ સિંહને પાંચ ભાઈઓ છે, જેમાંથી ત્રણ રાજકારણમાં સક્રિય છે. દિનેશ પ્રતાપ સિંહના એક ભાઈ રાકેશ સિંહ કોંગ્રેસની ટિકિટ પર ૨૦૧૭માં હરચંદપુર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. બીજા ભાઈ અવધેશ સિંહ રાયબરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ છે. આ રીતે તેમના જીવંત સંપર્કો છે તેથી રાહુલ માટે રાયબરેલીમાં જીતવું સરળ નથી.

ઉત્તર પ્રદેશમાં અમેઠી અને રાયબરેલી કોંગ્રેસના ગઢ મનાતા હતા પણ રાહુલે અમેઠીનો ગઢ ગુમાવ્યો. હવે રાયબરેલીમાં પણ હારશે તો રાહુલ નેતા તરીકે ચાલે એમ જ નથી એ સાબિત થઈ જશે તેથી રાહુલે જીતવું જરૂરી છે.

### યમરાજાએ ડેરા તંબુ તાણયા હોય તેમ

# અમરેલી પંથકમાં કમોતના વધુ ચાર બનાવો : પાંચના મોત

## બરવાળાબાવીશીમાં પ્રૌઢનું કેન્સરથી ખાંભા યુવાનનું, કોલડામાં વૃધ્ધ પતિ-પત્નીનું ઝેર દવા પી જતાં, ધારીના ડાંગાવદરમાં યુવાનનો ગળફાંસો ખાઇ જતા મોત

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

યમરાજાએ ડેરાતંબુતાણ્યા હોય તેમ અમરેલી પંથકમાં કમોતના વધુ ચાર બનાવોમાં પાંચના મોત નિપજયા હતાં. જેમાં બરવાળાબાવીશીમાં પ્રૌઢનું કેન્સરથી, ખાંભામાંયુવાનનું, કોલડામાં વૃધ્ધદંપતિનું ઝેરી દવા પી જતાં, ધારીના ડાંગાવદરમાં યુવાનનું ગળાફાંસો ખાઈ જવાથી મોત નિપજયું હતું. આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ખાંભા ભગવતી પરામાં રહેતા ગોવિંદભાઈ ઉર્ફે પ્રવિણભાઈ જીલુભાઈ મકવાણા કોઈ અગમ્ય કારણોસર પોતેપોતાની મેળે ઘરે ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું ગોપલભાઈ જીલુભાઈ મકવાણાએ ખાંભા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

ધારી તાલુકાના ડાંગાવદર ગામે રહેતા આશિષભાઈ રાજુભાઈ વાઘમશી ઉ.વ.૨૧ છેલ્લા ઘણા સમયથી માનસિક અસ્થિરતાની દવા લેતો હોય. ઉગ્ર સ્વભાવનો હોય અને મોબાઈલમાં રચ્યોપચ્યો રહેતો હોય અને એકલો એકલો વાતો કરતો હોય પોતાના ઘરે રૂમની અંદર આવેલ પંખા સાથે દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું દેવસીભાઈ અરજણભાઈ વાઘમશીએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે ત્રીજા બનાવમાં વડીયાના કોલડા ગામે રહેતા નાનજીભાઈ ભીખાભાઈ સોંદરવા ઉ.વ.૭૫ તથા તેમના પત્ની જીવતીબેન નાનજીભાઈ સોંદરવા ઉ.વ.૭૪માં નાનજીભાઈને છેલ્લા દસ વર્ષથી માનસિક બિમારી હોય જેની દવા ચાલુ હોય તેમ છતાં સારૂ થતું ન હોય તેમજ જીવતીબેનને બન્ને પગના ગોઠણમાં છેલ્લા છ માસથી દુખાવો હોય અને દવા લેવા છતાં સારૂ થતું ન હોય. તેમજ મરણજનારોની બે દિકરીઓ નાની ઉંમરે વિધવા થયેલ હોય. તેમજ દિકરો કોઈ કામ ધંધો ચાલતો ન હોય. જેથી વૃધ્ધ દંપતિને લાગી આવતા પોતાના ઘરે ઝેરી ટીકડાઓ પી જતાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું પુત્ર સુરેશભાઈ નાનજીભાઈ સોંદરવાએ વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે ચોથા બનાવમાં વડીયાના બરવાળા બાવીશી ગામે રહેતા રમેશભાઈ હરસુરભાઈ ડેરને ૨૦૧૫ના વર્ષથી મોઢાના જડબાના કેન્સરની બીમારી હોય સમયાંતરે ત્રણેક ઓપરેશન રાજકોટ કરાવેલ હોય પરંતું સારૂ થયેલ ન હોય. અને તા.૨૭-૪ના શ્વાસોશ્વાસની તકલીફ થઈ જતાં પ્રથમ અમરેલી ડો. રામાનુજ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડાતા તા.૨૯-૪ના મોત નિપજયાનું પ્રતાપભાઈ હરસુરભાઈ ડેરે વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### અજાણ્યા મોબાઈલ ધારકે એસબીઆઈના કસ્ટમરકેર અધિકારીની ઓળખ આપી

# રાજુલામાં પ્રૌઢને વિશ્વાસમાં લઈ જાણ બહાર ટ્રાન્ઝેકશનો કરી અંદાજે ૧૦ લાખની છેતરપીંડી

## અજાણ્યા મોબાઈલ ધારકે વોટસએપમાં એપ્લીકેશન ડાઉનલોડ કરાવી જુદા જુદા ટ્રાન્ઝેકશન કરી રકમ ઉપાડી લીધાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

મુળ પશ્ચિમ બંગાળના હાલ રાજુલા રહેતા રામપવિત્રરામ ઉ.વ.૫૧ ને મો. ૬૩૭૨૭ ૦૭૦૨૩ તથા ૮૯૨૬૨ ૫૧૧૬૦ મોબાઈલ ધારકે એસબીઆઈના કસ્ટરમર કેર અધિકારીની ખોટી ઓળખ આપી રામ પવિત્ર રામને વિશ્વાસમાં લઈ તેમના મોબાઈલમાં વોટસએપમાં બેન્કિંગ અપડેટ એપીકે નામની ફાઈલ મોકલી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી રામ પવિત્ર રામના એસબીઆઈ એમ.આર.એલ. મનાલી, આઈએફસીકોડ એસબીઆઈ એન ૦૦૦૨૨૩૩ બ્રાન્ચના બેંક અકાઉન્ટ નં. ૧૧૩૯૨ ૨૪૭૯૨૭ માંથી એસબીઆઈ યોનો એપ્લીકેશન મારફત તેમની જાણ બહાર બદદાનતથી જુદી જુદી રકમના ટ્રાન્ઝેકશન કરી ખાતામાંથી કુલ રૂ/.૯,૯૩,૨૯૯ ઉપાડી લઈ વિશ્વાસઘાત કરી છેતરપીંડી કર્યાની અમરેલી સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભા નજીક વાંકિયા ગામે પાણી પ્રશ્ને બે કુટુંબીઓ વચ્ચે મારામારી

## ઢીકાપાટું, નળીયા, પથ્થરના ઘા મારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ખાંભા તાલુકાના વાંકિયા ગામે નયનાબેન ભીખાભાઈ પરમાર ઉ.વ.૩૬ ના ઘરે વાપરવાનું પાણી હોય નહી. જેથી બાબુ ભીખાભાઈ પરમારને પાણી નાખવાનું કહેતા સારૂ નહી લાગતા અચાનક ઉશ્કેરાઈ નયનાબેન તથા તેમના માતાને ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા બાબુએ તેના ઘરે સમાચાર પહોંચાડી પત્નિ જયાબેન તથા દિકરી કોમલબેનને બોલાવી નયનાબેન તથા તેમના માતાને ઢીકાપાટું વડે મારમારી ફળીયામાં પડેલ નળીયા તથા પથ્થરના ઘા કરી ઈજા કરી ત્રણેયે નયનાબેનના વાળ પકડી નીચે પછાડી ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે બાબુભાઈ ભીખાભાઈ પરમાર ના મકાનનું કામ ચાલુ હોય. અને પાણીની જરૂર હોય. જેથી બાબુભાઈ તથા તેના નાના ભાઈના ઘરે બળદગાડું લેવા જતા શારદાબેન ભીખાભાઈ પરમાર ત્યાં હાજર હોય. જે બળદગાડું લેવાની ના પાડતા તે દરમ્યાન નયનાબેન ભીખાભાઈ પરમાર આવી જતા તેણે પણ ગાડું લેવાની ના પાડતા બાબુભાઈએ કહેલ કે મારે બળદગાડાની જરૂર છે. જેથી હું લઈ જઈશ તેમ કહેતા માતા પુત્રીએ ઉશ્કેરાઈ ગાળો બોલતા તે દરમ્યાન બાબુભાઈના પત્નિ તથા દિકરી ત્યાં આવી જતા બાબુભાઈએ ગાળો બોલવાની ના પાડતા શારદાબેન ઉશ્કેરાઈ ફળીયામાંથી નળીયાના છુટા ઘા કરી બાબુભાઈને જમણા પગે ઈજા પહોંચાડી પત્નિ અને દિકરી વચ્ચે પડતા તેમને માતા પુત્રીએ ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી ચકકરગઢ રોડ સંકુલ પાછળ બે જુથો વચ્ચે મારામારી

## લાકડી તલવાર અને લાફા વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી તાલુકાના ક્રિષ્ના પાર્ક સોસાયટી ચકકરગઢ રોડ સંકુલ પાછળ રહેતા દાનુભાઈ જીણાભાઈ વાઘોશી ઉ.વ. ૨૯ તથા હરીસિંહ ઉર્ફે લાલભાઈ ચૌહાણ સાથે જુના મનદુખના કારણે દાનુભાઈને હરીસિંહ તથા તેનો દિકરો રઘુવીરસિંહ હરીસિંહ તથા એક અજાણ્યા શખ્સે માથામાં લાકડી અને તલવાર વડે મારમારી ઈજા કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે રઘુવીરસિંહ હરીસિંહ ચૌહાણ તથા તેના નાનાભાઈ ભગીરથસિંહ તથા તેના ફઈના દિકરા જસુભા જાડેજા પોતાના મકાન પાસે આવેલ ખુણા પાસે બેસેલ હોય. તે દરમ્યાન દાનુ જીણાભાઈ વાઘોસી દારૂ પીધેલ હાલતમાં બાઈક લઈ આવી રઘુવીરસિંહ હરીસિંહ તથા તેના નાનાભાઈ અને ફઈના દિકરાને ગાળો બોલી તમોને જાનથી મારી નાખવા છે .તેવું કહી બાઈક ઉપરથી નીચે ઉતરવા જતા પડી ગયેલ.અને ઉભો થઈ નાના ભાઈ ભગીરથસિંહને લાફો મારી ઝપાઝપી કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ચિતલમાં માનસિક બિમાર પત્નીએ હાથ પર બ્લેડ મારતા દવાખાને ખસેડાયા

અમરેલી, અમરેલ તાલુકાના ચિતલ ગામે ઈન્દુબેન હરેશભાઈ ઓગાળીયા માનસિક બિમાર હોય જેથી પોતે પાતાની મેળે જમણા હાથે કલાઈ ઉપર બ્લેડ મારી દેતા સારવાર માટે દવાખાને ખસેડાયાનું પતિ હરેશભાઈ રવજીભાઈ ઓગાળીયાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# બગસરાના લુઘીયાની સગીરાનું વાલીપણામાંથી અપહરણ કરાયું

## વડીયાના મેઘાપીપળીયા ગામનો શખ્સ લગ્નની લાલચ આપી ભગાડી ગયો

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

બગસરા તાલુકાના લુઘીયા ગામે સગીરાને તેના ભોળપણાનો લાભ લઈ વડીયાના મેઘાપીપળીયા ગામના યાજ્ઞિક પરમાર નામનો શખ્સ પ્રેમ જાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી વાલીપણામાંથી ભગાડી ગયાની સગીરાના પિતાએ બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અમરેલી અને લીલીયામાં ટ્રાફિકને અડચણ રૂપ બે વાહન ચાલકો સામે ગુના નોંધાયા

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી સ્ટેશન રોડ રેડ કોર્નર પાસે રોડ ઉપર હાર્દિક મનસુખભાઈ નિર્મળ પોતાની છકડો રીક્ષા જી જે ૦૪ વાય ૪૨૭૨ ટ્રાફિકને અડચણરૂપ રાખી મળી આવી ગુનો કર્યાની પો.કોન્સ. રાણાભાઈ પરમારે અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે લીલીયામાં પ્રેમદાસ દ્વારકાદાસ મેસવાણીયા રહે. જંગવડ તા.જસદણવાળાએ પોતાની વેગનાર ફોરવ્હીલ જી જે ૨૭ બીએસ૭૩૪૧ ટ્રાફિકને અડચણરૂપ રોડ પર રાખી મળી આવ્યાની ગુનો કર્યાની પો.કોન્સ. સંજયભાઈ ઈટાળીયાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના પ્રેમપરામાં યુવાન ઉપર હુમલો

## મારમારી ધમકી આપ્યાની પોલીસ મથકમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

ધારી પ્રેમપરામાં હિતેષભાઈ વાડદોરીયાની દુકાને ધર્મેશભાઈ પ્રભુભાઈ સવાણી ઉ.વ.૩૮ દુકાને વસ્તુ લેવા ઉભેલ તે દરમ્યાન ધારી તાલુકાના ભરડ ગામના દિપુભાઈ ઓઢાભાઈ દરબાર ધર્મેશભાઈ પાસે આવેલ અને ડો. બાબરીયાને ફોન કરવા માંગેલ અને ધર્મેશભાઈના ફોનમાંથી ફોન કરેલ પણ ડો. બાબરીયાએ ફોન નહીં ઉપાડતા આરોપીને ન ગમતા ધર્મેશભાઈને ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા છ સાત જાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં આદિવાસીના ઝુપડામાં આગ લાગતા રૂા.૪૩ હજાર રોકડા સળગી ગયા

## ઘરવખરી, બે મોબાઇલ, રોકડ ૪૩ હજાર મળી રૂા.૬૮ હજારનું નુકશાન

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) અમરેલી ટેલીફોન કવાર્ટસ પાસે આવેલ આદિવાસીઓના ઝુપડપટ્ટ વિસ્તારમાં તા.૪-૫ના બપોરના સમયે ઝુપડપટ્ટીમાં કોઈ કારણોસર આગ લાગતા રામભાઈ કેશુભાઈ પરમારનું ઝુપડુ સળગી જતાં તમામ ઘર વખરી બે મોબાઈલ અને રોકડ રૂા.૪૩ હજાર મળી રૂા.૬૮૦૦૦નું નુકશાન થયાનું અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. તેમજ આજુ બાજુમાં આવેલ અન્ય ઝુપડ પટ્ટીઓમાં પણ સરસામાન બળી જતાં મોટી નુકશાની થયેલ છે.

# અમરેલી જિલ્લામાં દેશીદારૂના ૨૦ સ્થળોએ દરોડા : બે મહિલાઓ સહિત ૧૯ ઝડપાયા

## જિલ્લામાં ત્રણ વાહનચાલકો સહિત ૧૩ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડતી પોલીસ ટીમ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા ૨૦ સ્થળોએ દેશીદારૂ દરોડાઓ પાડી બે મહિલા સહિત ૧૯ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં ડુંગર, દામનગર, ખાંભા, ચલાલા, બગસરા, લીલીયા, નાગેશ્રી, મરીન પીપાવાવ, સાવરકુંડલા, જાફરાબાદ મરીન, વંડા, રાજુલા, લાઠી, સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જિલ્લામાં જુદા જુદા ૧૩ સ્થળોએથી ત્રણ વાહનચાલક સહિત ૧૩ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં ધારી, નાગેશ્રી, અમરેલી, બાબરા, જાફરાબાદ, ચલાલા અને લાઠી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# લીલીયાના ભોરીંગડા ચોકડી વચ્ચે બોલેરોએ બાઇકને હડફેટે લેતા યુવાનનું મોત

## પાછળ બેઠેલા નાનીને ઇજા કરી અકસ્માત સર્જીને નાસી ગયાની ફરિયાદ

અમરેલી,

લીલીયા તાલુકાના ભોરીંગડા ગામથી ચોકડી વચ્ચે આજે સવારના ૭ વાગ્યે સાવરકુંડલા તાલુકાના જીરા ગામના ભાર્ગવભાઈ જીવનભાઈ વાવડીયા ઉ.વ.૨૮ પોતાનું બાઈક જી જે ૧૪ એઆર ૫૧૨૧માં તેના નાનીને બેસાડી નિકળેલ ત્યારે બોલેરો પીકઅપ જીજે ૩૫ ટી ૦૭૪૭ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માનવજીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી ભાર્ગવભાઈને માથામાં ગંભીર ઈજા કરી ઘટના સ્થળે મોત નિપજાવી પાછળ બેઠેલા નાની ઈજા કરી અકસ્માત સર્જીને નાસી ગયાની મુળ જીરા હાલ સુરત રહેતા નાનજીભાઈ ભુરાભાઈ વાવડીયાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા બનાવની તપાસ પીએસઆઈ એસ.આર. ગોહિલ ચલાવી રહ્યા છે.

# બાબરાના દરેડ ગામે કુટુંબીએ માતા અને પુત્ર ઉપર હુમલો કર્યો

## લોખંડની ખપાળી વડે મારમારી ઇજા કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બાબરા તાલુકાના દરેડ ગામે રહેતા કરણભાઈ રાજાભાઈ ગરૈયા ઉ.વ.૨૩ તથા તેના માતા જયાબેન પોતાની વાડીએ ભેંસો બાંધેલ તેને નિરણ પાણી નાખતા હોય. આ દરમ્યાન લાભુ અમરાભાઈ ગરૈયા સને ડોટ્રેકટર લઈ આવી કરણભાઈને કહેલ કે તારી ભેંસો બાંધેલ ત્યાં મારે ખાતર નાખવાનું છે. તું તારી ભેંસો બીજે લઈ જા તેવું કહી ગાળો બોલતા કરણભાઈએ કહેલ કે આ જગ્યા પોતાની હોવાનું કહેતા લાભુ ઉશ્કેરાઈ કરણભાઈને માથામાં લોખંડની ખપાળીના બે ત્રણ ઘા મારી ગંભીર ઈજા કરતા નીચે પાડી દઈ ડાબા પગે મુંઢ ઈજા કરેલ આ દરમ્યાન માતા જયાબેન વચ્ચે પડતાં તેને લાભુએ કપાળમાં ડાબીબાજુ ખપાળી મારી ઈજા કરી ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયામાં ચેક રિર્ટન કેસમાં આરોપી નિર્દોષ

## આરોપીના એડવોકેટ શ્રી ખુમાણની દલીલોને ગ્રાહ્ય રાખી

પ્રતાપરા, (ગીરી ન્યુઝ)

લીલીયા કોર્ટમાં ફરિયાદ રેખાબેન ગાયજને ચેક રિર્ટન કેસમાં શાંતાબેન કરશનભાઈ બગડા ઉપર ફોજદારી કેસ ન.૩૭૫/૨૦૨૩થી કેસ દાખલ કરેલ જે કેસ લીલીયા કોર્ટમાં ચાલી જતાં આરોપીના વકીલ જગદિશભાઈ બી.ખુમાણની ધારદાર દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપી શાંતાબેન કરશભાઈ બગડાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો.

# જાફરાબાદના પીપળી કાંઠામાં અને લાઠીમાં રહેતા પ્રૌઢ ગુમ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદ મરીનના પીપળી કાંઠા વિસ્તારમાં રહેતા રામજીભાઈ લીંબાભાઈ બારૈયા ઉ.વ.૫૪ તા.૨૯-૪ના પોતાના ઘરેથી દુકાને જવા નીકળેલ જે તા.૪-૫-૨૪ સુધી પરત ન ફરી ગુમ થયાનું પરેશભાઈ રામજીભાઈ બારૈયાએ જાફરબાદ મરીન પોલીસ મથકમાં જાહેર કરેલ છે. લાઠીમાં રહેતા ભરતભાઈ છગનભાઈ રીજીયા ઉ.વ.૪૫ તા.૧૦-૪ના બપોરે ધોકડવા કેરી લેવા જવાનું જણાવી મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી કોઈને કહ્યા વગર કયાંક જતાં રહી ગુમ થયાનું ભુપતભાઈ છગનભાઈ રીજીયાએ લાઠી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૭.૫.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ ચતુર્દશી, દર્શ અમાસ, અશ્વિની નક્ષત્ર , આયુષ્ય યોગ, ચતુષ્પાદ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૮૦ થી ૧૫૦૪ મગફળી ૧૦૫૦ થી ૧૨૬૭

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૭૦-૧૨૩૬
શિંગમોટી-૧૦૫૦-૧૨૬૭
તલસફેદ-૧૫૦૦-૨૬૯૪
તલકાળા-૨૭૮૦-૩૧૫૦
બાજરો-૩૨૫-૪૧૧
જુવાર-૪૦૧-૭૯૫
ઘઉંટુકડા-૪૪૮-૬૩૮
ઘઉંલોકવન-૪૫૦-૬૦૦
એરંડા-૯૮૨-૧૦૬૦
ચણા-૯૯૫-૧૨૨૧
કપાસ-૯૮૦-૧૫૦૪
રાયડો-૯૫૦-૯૭૨
જીરૂ-૩૦૦૦-૪૯૦૦
ધાણા-૧૦૧૫-૧૪૯૦
સોયાબીન-૮૪૪-૮૪૬
તુવેર-૧૧૩૦-૧૮૦૦
મરચાલાંબા-૬૬૦-૨૬૦૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૦૦-૫૦૦
રીંગણા-૪૦૦-૫૧૦
ફલાવર-૨૫૦-૩૦૦
કોબીઝ-૧૭૦-૨૨૦
ટમેટાં-૨૫૦-૪૦૦
વટાણા-૧૬૦૦-૧૮૦૦
ગાજર-૨૦૦-૨૫૦
કારેલા-૫૦૦-૬૦૦
ગલકા-૩૦૦-૫૦૦
કાકડી-૨૧૦-૩૧૦
ગુવાર-૩૦૦-૫૦૦
ચોળાલીલા-૮૨૦-૯૨૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીંડો-૪૧૦-૫૧૦
આદુ-૨૨૧૦-૨૪૧૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૧૫૦-૨૦૦
મરચાલીલા-૪૧૦-૮૧૦
લસણલીલું-૨૦૦૦-૨૫૦૦
લીંબુ-૨૧૦૦-૨૪૦૦
પાલક-૪૨૦-૫૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૨-૫૨૪
જુવાર-૪૦૦-૮૩૧
ઘઉં-૪૪૨-૫૫૩
તુવેર-૨૦૦૦-૨૦૦૦
ચણા-૧૧૦૦-૧૧૮૮
મગ-૧૭૬૦-૧૭૬૦
રાય-૮૨૫-૮૨૫
મકાઈ-૪૫૦-૪૫૦
કપાસ-૧૨૦૦-૧૪૫૧
સુવા-૧૨૦૧-૧૨૦૧
ધાણા-

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૩૫-૭૭૩
ડુંગળીલાલ-૧૦૭-૩૩૨
ડુંગળીસફદે-૨૨૬-૨૯૧
અડદ-૧૫૫૨-૧૯૦૦
એરંડા-૮૫૪-૧૦૬૨
અજમા-૧૨૦૦-૧૨૦૦
ચણા-૧૧૪૬-૧૩૨૯
નાળીયેર-૫૫૬-૧૯૪૮
મગ-૧૫૯૩-૧૭૪૦
કપાસ-૭૭૨-૧૪૧૧
તુવેર-૧૫૬૦-૧૮૪૮

**બાબરા**
કપાસ-૧૨૫૫-૧૫૦૫
એરંડા-૯૯૪-૧૦૪૬
તલસફેદ-૨૩૩૦-૨૫૦૦
ચણા-૧૧૪૩-૧૨૨૭
ઘઉં-૪૮૫-૫૩૫
મગફળી-૧૧૩૪-૧૧૫૬
જીરૂ-૩૯૧૦-૩૯૫૦

મેથી-

**ધારી**
કપાસ-
સોયાબીન-
ઘઉં-૪૫૦-૫૧૬
મગફળી-૮૧૨-૧૨૧૬
ધાણા-૧૪૫૦-૧૪૫૦
મેથી-૯૫૬-૯૬૭
જીરૂ-૪૧૬૦-૪૧૬૦
ચણા-૧૧૭૫-૧૧૮૫
અજમા-૧૮૦૦-૧૮૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૮૩૦-૧૨૪૧
તલસફેદ-૨૫૦૦-૨૭૬૧
જીરૂ-૩૦૦૦-૪૯૦૦
મગ-૧૬૦૦-૧૯૦૭
કપાસ-૧૨૫૧-૧૪૯૧
ઘઉં-૪૮૦-૫૪૫
જુવાર-૪૦૦-૬૭૦
ધાણા-૧૧૫૧-૧૩૫૧
ચણા-૧૦૫૦-૧૨૨૫
એરડી-૧૦૦૦-૧૦૫૦
મકાઈ-૪૫૦-૫૦૦

**ખાંભા**
કપાસ-૧૧૫૫-૧૪૨૧
ધાણા-
મેથી-૯૫૨-૯૫૨
બાજરો-૪૯૦-૪૯૦
જુવારસફેદ-૬૫૧-૭૨૦
તલ-૨૭૦૦-૨૭૦૦
તુવેર-૧૭૮૦-૧૭૮૦
ચણા-૧૦૮૦-૧૨૨૧
જીરૂ-૩૯૦૦-૩૯૦૦

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૨૮
મગફળી-૧૧૦૦-૧૧૫૧

લસણ-૧૪૦૦-૧૭૧૦
ઘઉંટુકડા-૪૩૧-૫૦૪
જુવાર-૩૦૦-૩૦૦
મેથી-૮૯૧-૮૬૩
રાયડો-૯૦૦-૯૦૦
શીંગફાડા-૧૪૦૦-૧૪૩૫
ચણા-૧૧૦૦-૧૧૬૬
જીરૂ-૩૦૦૦-૩૦૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૦૦
દાડમ-૮૦૦-૧૧૦૦
મુસંબી-૮૦૦-૧૩૦૦
સંતરા-૧૬૦૦-૨૨૦૦
કીવી-૩૫૦૦-૪૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૬૦૦
કેસરકેરી-૧૨૦૦-૩૦૦૦
કેળા-૩૩૦-૫૦૦
પોપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૬૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
અંગુર-૧૦૦૦-૧૪૦૦


**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૨
ન્યુનતમ તાપમાન ૨૭.૨
ભેજનું પ્રમાણ ૬૫
પવનની ગતિ સરેરાશ-૮.૭




ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ
# અવધ ટાઇમ્સ
આપનો એક મત કિંમતી છે
# ઇલેક્શન - ૨૦૨૪
www.avadhtimes.net અમરેલી ૫ તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર

## અમરેલીમાં મહાજનોના સંપર્ક થકી આશિર્વાદ લેવાનો મોકો મળ્યો : જેનીબેન ઠુમ્મર

# અમરેલીની બજારમાં શ્રી જેનીબેન ઠુંમરનો જનસંપર્ક

### સમગ્ર સંસદીય મત વિસ્તાર અમરેલી, લાઠી, લીલીયા, સાવરકુંડલા, દામનગર, બાબરા, વડીયા, કુકાવવા, ધારી, ચલાલા, બગસરા, રાજુલા, જાફરાબાદ, ખાંભા, ગારીયાધાર, જેસર, મહુવા વિસ્તારમાંથી લોકોનો અપાર સહકાર મળ્યો તે બદલ હું લોકોની ઋણી છું : શ્રી જેનીબેન ઠુમ્મર



અમરેલી,

અમરેલી-મહુવા-ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને ઈન્ડીયા ગઠબંધનના લોકસભાના શિક્ષીત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મર દ્વારા અમરેલીમાં વેપારીઓનો ડોર ટુ ડોર સંપર્ક કરી અને વિજય વિશ્વાસ સાથે વેપારી મહાજનોના આશિર્વાદ લીધા હતા. આ તકે તેમણે વેપારીઓ સાથેની ચર્ચામાં વેપારીઓને મુખ્યત્વે જી.એસ.ટી.ના પ્રશ્નોની માહિતી મેળવી હતી ત્યારે જણાવ્યુ હતુ કે રાહુલ ગાંધી અને કોંગ્રેસે વચન આપ્યુ છે કે જી.એસ.ટી.નું સરળી કરણ કરાશે. અમરેલી જિલ્લામાં વેપાર ધંધાઓ ભાંગી રહ્યા છે.

ત્યારે અહીંના લોકો રોજગારીની તલાસમાં મહાનગરો તરફ જાય છે. ત્યારે અમરેલી શહેર અને જિલ્લાને વિકસીત બનાવવા માટે સૌ પ્રથમ ઉચ્ચ ગુણવતા વાળી શૈક્ષણિક સંસ્થાઓનું એન્જીન્યરીંગ કોલેજ, મેડીકલ કોલેજ, શૈનિક વિદ્યાલય, નિર્માણ થાય અને બહારના વિદ્યાર્થીઓ અહીયા અભ્યાસ માટે આવે અને અમરેલી જિલ્લાનું અર્થતંત્ર વેગવંતુ બને આ ઉપરાંત અમરેલી શહેર અને જિલ્લામાં મોટા મોટી સમસ્યા પાણીની છે અહીંયા મેઈન પાવર છે પણ પાણી ન હોવાના કારણે પુરતા ઉદ્યોગોનો વિકાસ થઈ શકય નથી માટે અમરેલીને ઔદ્યોગિક હેતુ માટે પૂરતું પાણી મળી તે માટે મારી રાજય અને કેન્દ્ર સરકારમાં કાયમી રજુઆતો રહેશે.

જેથી કરીને અમરેલીમાં વેપાર ધંધામાં વૃધ્ધી થાય, અમરેલી જિલ્લાનું વડુ મથક છે ત્યારે અહીંયા થી બ્રોડગેજ ની સુવિધા મળે અને લાંબા અંતરની પેશેન્જર ટ્રેનો અને યાત્રાધામને જોડતી ટ્રેનો શરૂ કરવામાં આવે તેવા મારા પ્રયત્નો રહેશે તેવી વેપારીઓને ખાત્રી આપી હતી. ડો.જીવરાજ મહેતા યુનિવર્સીટીની સ્થાપના થાય અને અહીંયાના વિદ્યાર્થીઓને સસ્તુ અને ઉચ્ચ ગુણવતાનું શિક્ષણ મળી શકે. અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી પર નભતો જિલ્લો છે. ત્યારે ખેડૂતો સમૃધ્ધ બને તે માટે વિવિધ યોજનાઓ અને આધુનિક ખેતી દ્વારા રોજગારીની તકો વધે માટે મારા પ્રયત્નો રહેશે.

અમરેલીના ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસમાં સૌથી મોટુ કોઈ ગ્રહણ હોય તે છે ઈકોસેન્સીટીવ ઝોન ત્યારે મારી રાજય અને કેન્દ્ર સરકારને વિનંતી છે કે આ ઈકોસેન્સીટીવ ઝોન મુદે યોગ્ય કાર્યવાહી કરે તો રેતીની લીઝ મળી શહે અને લોકોને સસ્તી રેતી અને મજુરો, અને કારીગર વર્ગના લોકોને પુરતી રોજગારી મળી શકે અને અમરેલી જિલ્લાનો બાંધકામ ઉદ્યોગ સરળ બની શકે. સૌની યોજના અમરેલી જિલ્લાને વધુમાં વધુ આવરીલેવામાં આવે તેવી મારી રાજય સરકારને વિનંતી છે.

સાથે સાતલડી ડેમ યોજના જે ના એક વાર ફટાકડા ફુટયા અને ત્રણ વાર મંજુર થઈ છે તેનું નિર્માણ થાય તે માટે જરૂરી લડત ચલાવવા લોકોનો સહકાર આવશ્યક છે. અમરેલીમાં એરપોર્ટ ડોમેસ્ટીક એરલાયન્સની કનેકટીવીટી વધે જેથી લોકોના ધંધા વિકાસ થઈ શકે. અમરેલીમાં વેપાર ધંધા સાથે જોડાયેલા બહેનોને ગૃહ ઉદ્યોગો અને સહકારી ધોરણે સરકારની વિવિધ સહાયો મળે તે માટે મારા પ્રયાસો રહેશે. પશુ પાલન સાથે જોડાયેલા ભાઈ-બહેનોના વિકાસ માટે મારી કટીબધ્ધતા રહેશે. આવનાર સમયમાં અમરેલી જિલ્લા સહિત સમગ્ર લોકસભા મત વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે મારી પ્રાથમિકતા રહેશે.

આ તકે જેનીબેન ઠુમ્મર સાથે ગામના વેપારી મહાજનો, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો, પ્રબુધ્ધ નાગરીકો, અડવોકેટ, સહિત બહેનો પણ આ લોકસંપર્ક દોરમાં જોડાયા હતા.

### શ્રી મદનમોહનજી હવેલી ખાતે

# ચિતલમાં શ્રી મહાપ્રભુજીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

### ઉત્સવની પુર્વ સંધ્યાએ શ્રી વલ્લભ કિર્તન મંડળ અને ભજનીક કૌશિક દવેની જમાવટ



ચિતલ, (હરેશ ધંધુકીયા)

શ્રી મદન મોહનજી ની હવેલી માં શ્રી મહાપ્રભુજી નો ૫૪૭ મો પ્રાગ્ટય ઉત્સવ ઉજવવામા આવ્યો હતો. અને મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈ/બહેનો ભાવ પૂર્વક ઉત્સવ ઉજવી ધન્યતા અનુભવ્યોહતો. આ ઉત્સવ ઉજવવામાં મનોરથી શ્રી મનોજભાઈ જોષી ચિતલ અને શ્રી દીલીપભાઈ મહેતા મુંબઈ વાળા તેમજ મુખ્યાજી વિપુલભાઈ, અશોકભાઈ, શરદભાઈ, ભુપેન્દ્રભાઈ, રમેશભાઈ, રાજુભાઈ, સુખદેવસિંહ, કેતનભાઈ, ભીખુભાઈ, પ્રતિકભાઈ ખુબ જહેમત ઉઠાવી હતી.

આ ઉત્સવ ની પૂવે સંધ્યા એ ગામ વાવડી નુ શ્રીવલ્લભ કીતેન મંડળ તેમજ કૌશિકભાઈ દવે દ્વારા ભજનકીતેન થી દરેક વૈષ્ણવભાઈ/બહેનો રસ તરબોળ કરેલ છે.

## જન્મદિવસે તપસ્વીઓને આઇસ્ક્રિમ ખવડાવ્યો



અમરેલી, સેવાને સરનામે ઉમળકા સાથે સારહી તપોવન આશ્રમ નાં સ્ટાફ શ્રી રાજન ભાઈ ગોંડલીયા નાં જન્મ દિવસ નિમિતે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓ ને આઈસ્ક્રીમ ખવડાવેલ ગોંડલિયા પરિવાર ઉપસ્થિત રહેલ, સંસ્થાની સેવાકીય વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્રદ્રષ્ટા - પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

# ભાજપના ઉમેદવાર શ્રી ભરત સુતરીયા ઝરખીયામાં અને કોંગ્રેસના શ્રી જેની ઠુંમર વાવડી રોડ ગામે મતદાન કરશે

### શ્રી દિલીપભાઇ સંઘાણી માળીલામાં, શ્રી વિરજીભાઇ ઠુંમર વાવડી રોડ અને શ્રી કૌશિક વેકરીયા દેવરાજીયામાં મતદાન કરશે : શ્રી મહેશ કસવાળા અમદાવાદમાં મતદાન કરશે



અમરેલી,

અમરેલી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શ્રી જેની ઠુંમર આજે સવારે ૭ વાગ્યે વાવડી રોડ ગામે મતદાન કરશે. પુર્વ સાંસદશ્રી વિરજીભાઈ ઠુંમર પણ આજે સવારે ૭ વાગ્યે વાવડી રોડ ખાતે મતદાન કરશે. એજ રીતે ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી આજે સવારે ૯ વાગ્યે પોતાના વતન માળીલામાં મતદાન કરનાર હોવાનું જણાવ્યું છે. વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિક વેકરીયા આજે સવારે ૮ વાગ્યે દેવરાજીયા ખાતે મતદાન કરશે. સવારે ૭ કલાકે લાઠી રોડ ઉપર આવેલ વિવેક વિદ્યાલયમાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી રાજેશ કાબરીયા મતદાન કરશે. અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા સવારે ૭ વાગ્યે ઝરખીયા ખાતે મતદાન કરનારા હોવાનું જણાવ્યું છે. સવારે ૭ કલાકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી પ્રતાપ દુધાત ક્રાંકચ ગામે મતદાન કરશે.

શ્રી નારણભાઈ કાછડીયા સવારે ૯ કલાકે ચરખડીયા પ્રા.શાળા, શ્રી મહેશભાઈ કસવાલા સવારે ૧૧ કલાકે મણીનગર અમદાવાદ, શ્રી હીરાભાઈ સોલંકી ૯.૩૦ કલાકે જાફરાબાદ કન્યાશાળા, શ્રી જે.વી.કાકડીયા સવારે ૭ કલાકે પરા શાળા ચલાલા, શ્રી જનકભાઈ તળાવીયા સવારે ૭.૩૦ કલાકે કાચરડી પ્રા.શાળા, શ્રી અશ્વિન સાવલીયા પ્રતાપપરા પ્રા.શાળા, શ્રી મેહુલભાઈ ધોરાજીયા સવારે ૮ કલાકે મોર્ડન ફાર્મ કેરીયા રોડ અમરેલી, શ્રી ભુપેન્દ્રભાઈ બસીયા સવારે ૭ કલાકે કરીયાણા પ્રા.શાળા, શ્રી પીઠાભાઈ નકુમ સવારે ૮ કલાકે શ્રી પુનાભાઈ ગજેરા સવારે ૭.૩૦ કલાકે વાંસીયાળી પ્રા.શાળામાં મતદાન કરશે.

## -:: જાહેર જનતા જોગ નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર આનંદ કે.ચાવડા એડવોકેટ એન્ડ નોટરી રહે.ધારીનાં તે અમારા અસીલ મનનભાઇ જીવનભાઇ કાબરીયા તથા જયસુખભાઇ નાગજીભાઇ જીયાણી એ આપેલ સુચના અને ફરમાઇશ મુજબ જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે, અમારા અસીલો દ્વારા મોજે દુધાળા, તા.ધારી એ ગામે ખાતા નં.૧૧૭ તેના રે.સર્વે નં.૩૯ પૈકી ૧ જેના હે.આરે.ચો.મી. ૯-૪૭-૯૮ (૩૯.૮૬ મોટા વિઘા) વાળી ખેતીની જમીન નનુભાઇ પ્રેમજીભાઇ વાડદોરીયા રહે.અમૃતપુર વાળા પાસેથી અને મોજે દુધાળા, તા.ધારી એ ગામે ખાતા નં.૩૩૨ જેના રે.સર્વે નં.૩૯ પૈકી ૩ જેના હે.આરે.ચો.મી. ૮-૯૦-૩૧ (૩૭.૪૪ મોટા વિઘા) વાળી ખેતીની જમીન મુકેશભાઇ નનુભાઇ વાડદોરીયા રહે.અમૃતપુર વાળા પાસેથી નનુભાઇ પ્રેમજીભાઇ વાડદોરીયા પાસેથી તેઓની હયાતીમાં ખરીદ કરેલ હતી અને તે અંગેનો વેચાણ કરાર અમારા અસીલોની તરફેણમાં કરી આપેલ છે અને આ કરારમાં નનુભાઇ પ્રેમજીભાઇ વાડદોરીયાના સાક્ષી તરીકે તેઓના બંને પુત્રો ૧. મુકેશભાઇ નનુભાઇ વાડદોરીયા તથા ૨. સુરેશભાઇ નનુભાઇ વાડદોરીયા દ્વારા હાજર રહી સહીઓ કરવામાં આવેલી છે. અને ઉપરોક્ત બંને જમીનોના વેચાણના અવેજ પેટે રકમ ઉપરોક્ત ત્રણેય પિતા તથા પુત્રો દ્વારા સ્વીકારેલ છે અને જે મતલબની ત્રણેય ઇસમો દ્વારા સહી તથા અંગુઠાની નિશાનીઓ કરી કરાર અમારા અસીલની તરફેણમાં લખી આપેલ છે. આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બંને જમીનોનો તેના માલીક દ્વારા અમારા અસીલોની તરફેણમાં વેચાણ લેખ કરી આપેલ હોય અને અવેજની રકમ પણ સ્વીકારેલ હોય જેથી ઉપરોક્ત જમીનો અંગે અન્ય કોઇપણ દ્વારા કોઇપણ પ્રકારનો વહીવટ કે લેખ કે દસ્તાવેજ કે ગીરો વિગેરે કોઇ પ્રકારે વ્યવહાર કરવો નહી અન્યથા આવા વ્યવહારો અમારા અસીલોને બંધનકર્તા રહેશે નહી અને અગ્રહક્ક મુજબ અમારા અસીલો સબંધકર્તા અદાલતમાં કાયદેસરની કાર્યવાહી કરશે અને જેના ખર્ચ અને પરિણામની જવાબદારી જે તે પક્ષકારની રહેશે જેની ગંભીર નોંધ જાહેર જનતા અને લાગતા વળગતાઓએ આ જાહેર નોટીસથી ગંભીર નોંધ લેવી.

સ્થળ : ધારી
તારીખ : ૦૬-૦૫-૨૦૨૪

અસીલની સુચનાથી
આનંદ કે.ચાવડા એડવોકેટ અને નોટરી
''હેપ્પી હોમ'' ૧૬, ગણેશ સોસાયટી, મુ.ધારી,
જી.અમરેલી મો.૯૭૧૪૫ ૨૧૨૩૯, ૯૪૨૭૩ ૨૧૨૩૯
















ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦




આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ
પાના નં ૬
તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર





(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪





આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## મતદાન શ્રેષ્ઠ દાન : મતદાન કરી રાષ્ટ્રધર્મ નિભાવો

### જાફરાબાદ વેપારી એસોસીએશન સહિત સંસ્થાઓએ અનુરોધ કર્યો

જાફરાબાદ,

ધર્મ અને સર્વ શ્રેષ્ઠ દાન કરવાના પર્વે મતદાન એ શ્રેષ્ઠ દાન છે. મતદાન કરીને રાષ્ટ્રધર્મ નિભાવવા વેપારી એસો. જાફરાબાદના આગેવાનોએ અનુરોધ કર્યો છે.શ્રેષ્ઠ ધર્મ એટલે કે રાષ્ટ્રધર્મ અને શ્રેષ્ઠ દાન એટલે કે મતદાન કરવાનો દિવસ છે આપણા ધર્મ અને સંસ્કૃતિ તેમજ આપણા બાળકોના શુભ ભવિષ્ય અને રાષ્ટ્રની સુરક્ષા કાજે કુંટુંબ સહિત અચૂક મતદાન કરવા જજો અને આપણા મિત્રો અને પાડોશીને પણ અંગત ધ્યાન આપી મતદાન કરાવવા ખાસ અનુરોધ છે એક વડીલ તરીકે, એક સ્નેહી તરીકે, એક મિત્ર તરીકે સમસ્ત ગ્રામજનોને વેપારી મિત્રો તેમજ સમસ્ત બ્રહ્મ સમાજને મતદાન કરવા અને કરાવવા જાફરાબાદ વેપારી એસો.ના પ્રમુખ જયેશભાઈ ઠાકર, ઉપપ્રમુખ કુમારભાઈ સોની, શ્રી કમલેશભાઈ, શ્રી જીજ્ઞેશભાઈ જાનીએ વિનંતી કરી છે.

## સાવરકુંડલાના હિનાબેન દોશી અરિહંત શરણ પામ્યા

### સ્વ. હિનાબેનને ચાર દિકરીઓએ અગ્નિદાહ આપ્યો



સાવરકુંડલા,સાવરકુંડલામાં હીનાબેન ગુણવંતભાઈ દોશી ઉંમર ૬૭નું તારીખ ૪ મે ૨૦૨૪ ને શનિવારના રોજ અરિહંત શરણ પામેલ તેઓ સાવરકુંડલાના નિવાસી રૂગનાથ દામજી પરિવારના ગુણવંતભાઈ તાલાચંદભાઈ દોશીના ધર્મપત્ની અને તેઓ વૈશાલી,નેહા, ચાંદની અને ઈશાનીના માતૃશ્રી છે તો આ ચારે દીકરીઓ પોતાની માતાને અગ્નિદા આપ્યો હતો દીકરો અને દીકરી બંને એક છે દીકરો આ કરી શકે દીકરી ન કરી શકે તેવું કશુંજ નથી દીકરી અને દીકરા બન્ને સમાન છે સમજાવ્યું અને પોતાની માતાને અગ્નિદાહ આપ્યો સૌ કોઈની આંખ ભીની હતી. આપણે ત્યાં કહેવાય છે આઠ વર્ષ ની વ્યક્તિ ગુજરી ગઈ હોય કે ૮૦ વર્ષની પણ દુઃખ તો હોય જ છે ત્યારે માં એ માં બીજા બધા વગડાના વા એવી માં જ્યારે આ દુનિયામાંથી વિદાય લેય ત્યારે હર કોઈની આંખ ભીની હોય છે ત્યારે આ દીકરી ઓ પોતાની માતાને અગ્નિદાહ દેતી વખતે બધા જ સ્તભદ થઈ ગયા હતા અને દીકરો એ જ દીકરી અને દીકરી એ જ દીકરો એ વાત પણ અહીં સાબિત હતી.

### કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી

## અમરેલીમાં મોબાઇલ શોધી પરત અપાવ્યો

### સીસીટીવી કેમેરાની મદદથી મોબાઇલ મળી આવ્યો



અમરેલી,અમરેલીના રહેવાસી વિમલભાઈ જેઠાભાઈ મેઘાણી રહે. ચિતલ રોડ અમરેલી વાળા અત્રે નેત્રમ ' કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલી ખાતે આવેલ હોય અને જણાવેલ કે, તેઓ તા.૧૮/૦૪/૨૦૨૪ ના રોજ રાત્રીના અગીયારથી બાર વાગ્યા દરમ્યાન અમરેલી સેન્ટર પોઈન્ટ પાસે આવેલ સીનીયર સીટીજન પાર્કમાં બાકડા ઉપર બેસેલ હોય તે દરમ્યાન તેઓનો મોબાઈલ ફોન ( કિંમત રૂપિયા આશરે ૨૨,૦૦૦/-) વાળો ભૂલી ગયેલ, બાદ અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) ના પોલીસ સ્ટાફ દ્વારા સેન્ટર પોઈન્ટ પાસેના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચેક કરતા સેન્ટર પોઈન્ટ પાસે આવેલ સીનીયર સીટીજન પાર્કમાં અરજદારશ્રી એક બાકડા ઉપર બેસેલ હોય બાદ ત્યાંથી તેઓ ઉભા થઈ જતાં રહેલ હોય થોડીવાર બાદમાં એક ઈસમ ત્યા અરજદારશ્રીનો મોબાઈલ ફોન લઈ જતો જોવાં મળતા તે શખ્સ એક ગાડીમાં બેસી જતો રહેલ હોય, જેના આધારે તેને ટ્રેસ કરી ગાડીનાં નંબર આધારે આર.ટી.ઓ. ડીટેલ્સ મેળવી વાહનનાં માલીકની પોલીસ દ્વારા પુછપરછ કરતા તેઓને આ મોબાઈલ ફોન મળેલ હોવાનું જણાવેલ હોય, જે મોબાઈલ ફોન (કિંમત રૂપિયા આશરે ૨૨,૦૦૦/-) વાળો મૂળ માલીકને સહી સલામત પરત સોંપી આપેલ છે.

## અમરેલી તાલુકામાં પ્રોહિબીશનની પ્રવૃતિ કરતાં એકને હદપાર કરાયો

### અમરેલી તાલુકા પોલીસે જિલ્લા હદપારીનું લીધેલું પગલુ



અમરેલી,અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.જી. ચૌહાણના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી તાલુકા પોલીસ ટીમ દ્વારા અમરેલી તાલુકા વિસ્તારમાં અવાર-નવાર ગેરકાયદેસર પ્રોહી પ્રવૃત્તિ આચરતા જે અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા ઈસમોને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ જે અન્વયે શ્રી એમ.જે.નાકિયા (જી.એ.એસ.), સબ મેજિસ્ટ્રેટ, અમરેલી નાઓશ્રીએ નીચે જણાવેલ શખ્સ હરેશભાઈ મનજીભાઈ ચારોલીયા ઉ.વ.૪૮, ધંધો. મજુરી, રહે જસવતગઢ, તા.જી.અમરેલીને અમરેલી જિલ્લામાંથી એક વર્ષની મુદત માટે હદપાર કરવા હુકમ કરતા ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરવામાં આવેલ છે.

## નાગેશ્રી પંથકમાં પ્રોહિબીશન બુટલેગરને અમરેલી અને ગીરસોમનાથ, ભાવનગર જિલ્લામાંથી હદપાર કરાયો

### નાગેશ્રી પોલીસે ઝડપી લઇ ત્રણ વર્ષ માટે હદપાર કર્યો



અમરેલી,

નાગેશ્રી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.વી.પલાસ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ નાગેશ્રી પોલીસ ટીમ દ્વારા નાગેશ્રી પો.સ્ટે વિસ્તારના ભાડા ગામે અવાર-નવાર ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા જે અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા એક ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ જે અન્વયે શ્રી ડો. મેહુલકુમાર બરાસરા, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સા. રાજુલા નાઓએ સોમાભાઈ હમીરભાઈ જાદવ, ઉ.વ.૪૯, ધંધો મજુરી, રહે. ભાડા, મફતપ્લોટ વિસ્તાર, તા.જાફરાબાદ, જી.અમરેલી નાઓને અમરેલી/ગીર સોમનાથ/ભાવનગર જિલ્લામાંથી ત્રણ મુદત માટે હદપાર કરવા હુકમ કરતા મજકુર ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરવામાં આવેલ છે.

## અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર્સના ઉપપ્રમુખશ્રી મુકેશભાઇ રૂપારેલીયાનો આજે જન્મદિવસ

### જન્મદિન નિમિતે જિલ્લાભરમાંથી અભિનંદનની વર્ષા થશે



ધારી,

ધારી વેપારી મહામંડળ ટ્રસ્ટના પ્રમુખ અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સના ઉપપ્રમુખ ધારી તાલુકા ભાજપ ઉપપ્રમુખ રઘુવંશી સમાજના જીલ્લા મહામંત્રી, અવધ શરાફી સહકારી મંડળી ધારી શાખાના ડિરેકટર સહિતની તાલુકા અને જીલ્લાની સંસ્થા સાથે સંકળાયેલા મુકેશભાઈ વ્રજલાલ રૂપારેલીયાનો આજે જન્મદિવસ છે તાલુકા અને જીલ્લાનાં રાજકીય અગ્રણીઓ, રઘુવંશી સમાજ વેપારી આલમમાંથી તેમના ઉપર અભિનંદનની વર્ષા થઇ રહી છે.

## વિજપડીના કાદરભાઇ ગાંઠીયાવાળાનું નિધન

### શ્રી કાદરભાઇનું નિધન થતાં ખોખર પરિવારમાં ઘેરો શોક



વિજપડી, (સમીર ખોખર)વીજપડીનાં ઈસ્માઈલભાઈ ભુરાભાઈ ખોખરનાં દિકરા કાદરભાઈ ઈસ્માઈલભાઈ ખોખર (ગાંઠિયા વાળા) ખુદાની રહેમતમા પહોંચી ગયેલ છે મર્હુમ કાદરભાઈ ની જયારત તારીખ-૭/૫/ ૨૦૨૪ નેં મંગળવારે સવારે દસ કલાકે પુરૂષો જુમ્મા મસ્જિદ અને ઔરતો ની તેમના નિવાસસ્થાને મુ. વીજપડી રાખેલ છે મર્હુમ કાદરભાઈ તે વીજપડી નાં પત્રકાર સમીર ખોખર નાં મોટા બાપુ નાં દિકરા ભાઈ થાય તેમજ ઈમરાનભાઈ ખોખર તથા મહંમદભાઈ કાદભાઈ ખોખર (ગાંઠિયા વાળા) નાં વાલીદ થાય તથા પેઈન્ટર અનવરભાઈ મેહબુબભાઈ ખોખર નાં મોટા બાપુ થાય તેમજ મહંમદભાઈ ઈસ્માઈલભાઈ ખોખર નાં કાકા નાં દિકરા ભાઈ થાય તેમજ અમીનભાઈ રહીમભાઈ ખોખર (ભા.ડી.કો.બેન્ક)તથા સલીમભાઈ બાબુભાઈ ખોખર તથા રફીકભાઈ હબીબભાઈ ખોખર તથા ઈમ્તિયાઝભાઈ બાબુભાઈ ખોખર નાં મોટા બાપુ નાં દિકરા ભાઈ થાય છે.

## નાની કુંકાવાવ પ્રા. શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો



અમરેલી,

નાની કુંકાવાવમાં પીએમ પ્રા.શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો હતો.સરસ્વતી વંદનાથી કાર્યક્રમના મંગળ પ્રારંભ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ.આ તકે ગામના સરપંચશ્રી શોભનાબેન ઢોલરીયા,જીસબ અધ્યક્ષશ્રી નીલેશભાઈ રાણપરીયા અને પૂર્વ તા.પં. પ્રમુખશ્રી બાવાલાલ મોવલિયા અને લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના પ્રમુખશ્રી કૌશિક હપાણી, ટ્રેઝરર ૩૨૩૨ વ શ્રી કાંતિભાઈ વઘાસિયા,પૂર્વપ્રમુખ દિનેશભાઈ ભુવા(શીતલ આઈસ્ક્રીમ) ચેરપર્સન નિલેશભાઈ ઠુમર ,બીઆરસી શ્રી નીરવભાઈ સાવલિયા ,સીઆરસી શ્રીવસંતભાઈ કોરાટ,પૂર્વ બીઆરસી અને શિક્ષણવિદ ઉદયભાઈ દેસાઈ તથા હાઈસ્કૂલના આચાર્યશ્રી, જીસબ સભ્યો.ટીમ ગ્રામપંચાયત ટીમ વિગેરે મહાનુંભાવોના વરદહસ્તે મંગલદીપ પ્રાગટય થયું..ત્યારબાદ સૌના શાબ્દિક સ્વાગત સાથે આચાર્યશ્રીએ શાળા પ્રગતિ અહેવાલ રજુ કર્યો હતો. ઓનલાઈન રોકડ રકમની ભેટ પણ મોકલી હતી.આ કાર્યક્રમના સહયોગી શ્રી વસંતભાઈ છોડવડિયા,શ્રી સુરેશભાઈ છોડવાડિયા,શ્રી નીતિનભાઈ મોવલિયા પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પૂનમબેન ડોબરીયાએ કર્યું હતું. અને શાળાના સ્ટાફ શ્રીપાલભાઈ, પ્રવીણભાઈ, રાજુભાઈ, હેતલબેન, નિશાબેન, ધારાબેન,ઉમાબેન, એમડીએમ સંચાલક શ્રી નીરૂપાબેન વિગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.સુંદર સ્ટેજ સજાવટ માટે શ્રી નરેશભાઈ કથીરીયાએ તથા ગ્રામજનોએ પણ ખૂબ સહયોગ આપ્યો હતો.

## અમરેલીમાં મોબાઇલ ચોરીના ગુનામાં આરોપી ઝડપાયો

### પોલીસે ચોરીનો મોબાઇલ કબ્જે લઇ ગુનો ડિટેક્ટ કર્યો



અમરેલી, અમરેલી સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૪૦૨૬૯/ ૨૦૨૪ આઈ.પી.સી. ક.૩૭૯ મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના નાગનાથ બીટ ટીમ દ્વારા હ્યુમન સોર્સની તથા ટેકનીકલ સોર્સની મદદથી આરોપીને ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે ઈમરાનભાઈ મહમદભાઈ મોગલ ઉ.વ.૩૫ ધંધો. મજુરી(કલરકામ) રહે, અમરેલીને પકડી પાડી ચોરીનો મોબાઈલ વીવો કંપનીનો ૯૦૦૦ની કિંમતનો કબ્જે લઈ ગુનો ડિટેકટ કર્યો હતો.

## અમરેલી રૂરલ પોલીસના ગુનામાં ૧૪ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ઝડપી લીધો

### અમરેલી એલસીબીએ ઝડપી લઇ કાર્યવાહી કરી



અમરેલી,અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૭૯/૨૦૦૯, આઈ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાનો આરોપી છેલ્લા ૧૪ વર્ષથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય, મજકુર લીસ્ટેડ આરોપીને ચોકકસ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ચેતન ઉર્ફે હરેશ સીમરીયાભાઈ પલાસીયા, ઉ.વ.૩૨, રહે.તલાવજ, તડવી ફળીયુ, તા.કન્નાકાકડ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ રહે. હાડાટોડા, તા.ધ્રોલ, જિ.જામનગર. પકડી પાડી, આગળની કાર્યવાહી થવા.અમરેલી રૂરલ પો.સ્ટે. માં સોંપી આપવામાંઆવેલ છે.

## અમરેલીના પત્રકારોની અપીલ : આપણે મત આપી લોકશાહીનું પર્વ ઉજવીએ

### આજે દરેક નાગરિક મતદાન કરી પોતાનો નાગરિક ધર્મ અચૂક નિભાવે



અમરેલી,મારા એક મતથી શું ફેર પડશે તે વિચારવાને બદલે પોતાનો ધર્મ બજાવે તેવી અપીલ અમરેલી જિલ્લાના મીડિયા જગતે સૌ નાગરિકોને કરીછે કોઈપણ ની સામે મુક્ત રીતે અભિવ્યક્તિ કરવાની સ્વતંત્રતા લોકશાહીમાં છે અને આ લોકશાહીને જીવતી રાખવા માટે દરેકે ફરજિયાત મતદાન કરવું જોઈએ અને આસપાસના લોકો પણ મતદાન કરાવવું જોઈએ દેશના સર્વોચ્ચ પર્વ એવા ચૂંટણી પર્વમાં આ નાગરિક ધર્મ બજાવવાનો સમય છે ત્યારે તેમાં બેદરકારી રાખ્યા વગર દરેક પોતાનો ધર્મ બજાવે તેવી અપીલ અમરેલીના તમામ તંત્રીઓ પત્રકારો અને મીડિયા ક્ષેત્ર સાથે સંકળાયેલા વિક્રેતાઓ, પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રો મીડિયા ના દરેક કર્મચારીઓ એ કરીછે.

## સાવરકુંડલા માનવમંદિરમાં મનોરોગી મહિલા સાજી થઇ

### મહિલા સાજી થતાં સમાજમાં પુનઃ સ્થાપિત કરાઇ



સાવરકુંડલા,

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમ સાવરકુંડલા થી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ ઉપર આવેલો છે જ્યાં હાલમાં ૬૩ જેટલી નિરાધાર મનોરોગી બહેનો છે જે વિવિધ પ્રાંતમાંથી આવે છે.

અને જેને પોલીસ મૂકવા આવે છે તેવી આ નિરાધાર મનોરોગી બહેનો ભક્તિ બાપુની મિશ્રામાં પૂનમ જીવન પ્રાપ્ત કરવાનું પ્રયાસ કરી રહી છે ત્યારે આજે ૧૨૦ મી મનોરોગી બહેન સાજા થઈ સમાજમાં પુનઃસ્થાપિત થયા આજથી છ વર્ષ પહેલા તારીખ ૨૪.૭. ૨૦૧૯ ના રોજ ડાહીબેન બટુકભાઈ ઝાપડા રાજકોટ માર્કેટિંગ યાર્ડમાંથી માનવ મંદિરમાં દાખલ કરવામાં આવ્યા હતા.ત્યારે તેમનું વજન ૪૨ કિલોને ૮૦૦ ગ્રામ હતું આજે તારીખ ૫.૫. ૨૪ ના રોજ રાજકોટ થી તેમના બંને ભાભી વિજુબેન જીવનભાઈ અને ભાનુબેન હકાભાઈ માનવ મંદિરેથી તેડી ગયા છે હાલ તેમનું વજન ૬૫ કિલો ને ૩૦૦ ગ્રામ છે માનવ મંદિરના સંત ભક્તિ બાપુએ જે હેતુસર આ મનોરોગ્ય આશ્રમ શરૂ કર્યો હતો તે હેતુ આજે સેવકોના સહયોગથી ખૂબ જ સફળ થઈ રહ્યો છે તેનો બાપુએ રાજીપો પણ વ્યક્ત કર્યો હતો

## સારહિ તપોવન આશ્રમમાં વૃધ્ધો સાથે જન્મદિન ઉજવ્યો



અમરેલી,સેવાને સરનામે –ઉમળકા સાથે સારહી પરિવાર નાં સભ્ય શ્રી મુકેશભાઈ ડોબરીયા ની સુપુત્રી ભૂમિબેન બ્રીજેશભાઈ લિંબાસિયા (સુરત) નાં જન્મ દિવસ નિમિતે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ મા રહેતા તપસ્વીશ્રીઓ સાથે જન્મ દિવસ ની ઉજવણી કરી ને આશીર્વાદ મેળવેલ અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રેરણા સ્ત્રોત પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ તકે શ્રી મતી ઉષાબેન મુકેશભાઈ ડોબરીયા,શ્રી રાજ જગદીશભાઈ ડોબરીયા સહિત સહ પરિવાર જન્મ દિવસ માં ઉપસ્થિત રહેલ.સારહી પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

## બાબરા વિસ્તારમાં પવનચક્કીના કેબલ ઇલેક્ટ્રીક સામાનની ચોરીના ગુનાના આરોપીઓ ઝડપાયા

### પોલીસે ગણતરીના કલાકોમાં ગુનો ડિટેક્ટ કર્યો : મુદામાલ કબ્જે



અમરેલી,જેમાં કોઈ અજાણ્યા વ્યક્તિએ કોટડાપીઠા ગામે, હડીયા ધાર વિસ્તારમાં આવેલ પવનચકકીની સાઈટ ઉપર પી.કે. પાવરટેક નામની કંપનીના પવનચક્કી લોકેશન નંબર-૧૪ જેમાં પેનલબોક્ષ માંથી અલગ અલગ કંપનીની નાની મોટી એમ.સી.બી. નંગ-૫૦ જેની અંદાજીત કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા ABB કંપનીના કોન્ટેક્ટર નંગ-૦૫ જેની અંદાજીત કિંમત રૂ.૨૫,૦૦૦/- તથા કોપર વાયર આશરે-૧૫૦ મીટર જેની અંદાજીત કિંમત રૂ.૧૦,૦૦૦/-મળી કુલ કિ.રૂ.૪૫,૦૦૦/- ની કોઈ અજાણ્યા ઈસમે ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ છે.જે અન્વયે આજરોજ બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. શ્રી સી.એસ.કુગસીયાની રાહબારી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનના છ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૪૦૨૨૯/2024 IPC કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબના ગુન્હામાં ચોરી થયેલ મુદામાલની ચુંટણી દરમ્યાન કાર્યરત કરાયેલ કોટડાપીઠા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં તપાસમા હતા તે દરમ્યાન ચોરીમા ગયેલ તમામ મુદ્દામાલ તથા ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ વાહન મારૂતિ સુઝુકી સુપર કેરી સાથે કુલ પાંચ ચોર શખસો સંજય વસંતભાઈ સોલંકી(દે.પુ.), ઉ.વ.૨૩, ધંધો. ડ્રાઈવિંગ, રહે.હાલ મોરબી, સાયર દલસુખભાઈ મકવાણા(દે.પુ.), ઉ.વ.૧૮, ધંધો.ડ્રાઈવિંગ, રહે.હાલ મોરબી, સામુ મનોજભાઈ આમેણીયા(દે.પુ.), ઉ.વ.૧૮, ધંધો. ડ્રાઈવિંગ, રહે.હાલ મોરબી, વિપુલ ઉર્ફે દકો સુરેશભાઈ સોલંકી(દે.પુ.), ઉ.વ.૨૨, ધંધો.શાકભાજી વેચવાનો, રહે.હાલ રાજકોટ, રોહિત દિનેશભાઈ દેલવાડીયા(દે.પુ.), ઉ.વ.૧૮, ધંધો મજુરી, રહે.હાલ મોરબી, બાળ કિશોરને પકડી પાડી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કીશોરને ડીટેઈન કરી ગણતરીની કલાકોમાં અનડીટેકટ ગુન્હાને ડીટેકટ કરી બાબરા પોલીસ ટીમ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ વર્તમાન

## સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ ઉજવાયો



સારંગપુર,ભગવાન સ્વામિનારાયણે વડતાલ, ગઢપુર, સારંગપુર, અમદાવાદ એવા વિવિધ સ્થળોએ ફુલદોલના સમૈયાઓ કરીને ભક્તોને સ્મૃતિઓ આપીને ગુજરાતની ધરાને ભક્તિભીની કરી હતી. કાયમી સ્મૃતિ માટે આ સમૈયો દર વર્ષે સારંગપુર ખાતે ઉજવાતો આવ્યો છે. પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ દર વર્ષે ફૂલદોલનો ઉત્સવ સારંગપુર ધામધૂમપૂર્વક ઉજવાતા જેની સ્મૃતિઓના આજે પણ સૌ કોઈ સાક્ષી છે. તેઓ આશીર્વાદ આપતાં કહેતા કે, દુનિયાના રંગે તો બધા રંગાઈ છે પણ આપણે ભગવાનના રંગે રંગાવવાનું છે. એજ પરંપરામાં પ.પૂ.મહંતસ્વામી પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આ વર્ષે આજના દિવસે આ ફૂલદોલ ઉત્સવ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો જેમાં દેશ-પરદેશથી ૭૫૦૦૦ હરિભક્તો આ પ્રસંગે લાભ લેવા પધાર્યા હતા.આ વિશાળ ઉત્સવ બી.એ.પી.એસ. સંસ્થાના સંતો અને હરિભક્તોના કુશળ આયોજનથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વિસાવદર કોર્ટે ચેક રિર્ટનના કેસમાં પિતા પુત્રને બે વર્ષની સજા ફટકારી

### પિતા પુત્રને રૂા.૫૨ લાખનું ફરિયાદીને વળતર ચુકવી આપવા હુકમ

જુનાગઢ,(હિતેષ પારેખ)વિસાવદર તાલુકાના કાલસારી ગામના ગીરીશભાઈ દુલર્ભજીભાઈ અમીપરાએ રૂા.૫ લાંખ તથા તેના પિતા દુલર્ભજીભાઈ શામજીભાઈ અમીપરાએ રૂા.૧૪ લાખની રકમ પોતાની નાણાકીય જરૂરિયાત માટે ગામના રહીશ રમણીકભાઈ પાસેથી હાથ ઉચ્છીના લીધેલ અને આ રકમનું ચુકવણું કરવા માટે પિતા પુત્રએ પોત પોતાના બેન્ક ખાતાના ચેકો રમણીકભાઈને આપતા તે ચેકો પાસ થયા વગર ખાતુ બંધ હોવાના શેરા સાથે પરત ફરતા વિસાવદર કોર્ટમાં પિતા પુત્ર સાથે ચેક રિર્ટનની ફરિયાદ કરતાં આ બન્ને કેસોની સુનાવણી વખતે આ કેસોના ફરિયાદ રમણીકભાઈ તરફે જુનાગઢના ધારાશાસ્ત્રી મનોજભાઈ દવે તથા રાજુભાઈ દવેએ ધારદાર દલીલો કરતાં આરોપી પક્ષે વિસાવદરના સીનીયર એડવોકેટે કરેલી દલીલો ફગાવી દઈ વિસાવદરના જયુડીશયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) શ્રી સૌમિત્ર ત્રિવેદીએ ચેકો આપનાર પિતા પુત્ર દુલર્ભજીભાઈ અમીપરા તથા ગીરીશભાઈ અમીપરાને બે વર્ષની જેલની સજા તથા દુલર્ભજીભાઈને રૂા.૪૨ લાખ તથા ગીરીભાઈને રૂા.૧૦ લાખનું વળતર રમણીકભાઈને ચુકવી આપવા હુકમ કર્યો હતો.

### જુનાગઢમાં ફરજ બજાવી ચકેલા

## નિવૃત ડિવાયએસપી શ્રી એસ. એન. મહેતાનું નિધન

### પોલીસ બેડામાં વ્યાપી ગયેલો ઘેરો શોક : શ્રધ્ધાસુમન અર્પણ



જુનાગઢ,(હિતેષ પારેખ) જૂનાગઢમાં ઘણા સમય સુધી પીઆઇ તરીકે ફરજ બજાવી ચૂકેલા અને નિવૃત્ત ડીવાયએસપી એસ એન મહેતા નું અવસાન થયું છે.જે અધિકારીનું નામ સાંભળી અને એક સમયમાં લુખ્ખા તત્વો માં ફાફડાટ ફેલાતો હતો અને બાહોશ અધિકારી કહી શકાય તેવા એસ.એન. મહેતા આ દુનિયામાં નથી રહ્યા પરમ કૃપાળુ પરમાત્મા તેમની આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના પોલીસ બેડામાં કરી હતી અને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં.

## વેરાવળથી દોડતી કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર



ભાવનગર,પશ્ચિમ રેલ્વેના અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસના કામોને કારણે, ભાવનગર ડિવિઝનમાંથી ચાલતી કેટલીક ટ્રેનોને અમદાવાદથી ગાંધીનગર કેપિટલ સ્ટેશન તરફ આગમન/પ્રસ્થાન માટે ડાયવર્ટ આવી છે. ભાવનગર ડિવિઝનના સીનીયર ડીસીએમ શ્રી માશૂક અહમદના જણાવ્યા અનુસાર, ટ્રેનોના નિયમન અને જાળવણી તથા ટ્રેનોની સમયની પાબંદતાને ધ્યાનમાં રાખીને, રેલ્વે પ્રશાસને ૧૫.૦૫.૨૦૨૪થી કેટલીક ટ્રેનોના સમયમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. જે ટ્રેનોના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે તેની વિગતો નીચે મુજબ છેઃ૧.ટ્રેન નંબર ૨૨૯૫૭ કેપિટલ - વેરાવળ સુપરફાસ્ટ તેના વર્તમાન નિર્ધારિત સમય ૨૧.૫૫ કલાકને બદલે ૨૧.૪૫ કલાકે ગાંધીનગર કેપિટલથી ઉપડશે અને વેરાવળ સ્ટેશને ૬.૦૦ કલાકને બદલે ૫.૪૫ કલાકે પહોંચશે. ૨. ટ્રેન નં. ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ હવે તેના વર્તમાન નિર્ધારિત સમય સવારે ૧૦.૩૫ વાગ્યે ને બદલે માત્ર ૫ મિનિટ વહેલી એટલે કે સવારે વાગ્યે ગાંધીનગર કેપિટલથી ઉપડશે, ત્યાર બાદ આ ટ્રેનના સમયમાં અન્ય સ્ટેશનો પર કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૩. વેરાવળથી ટ્રેન નંબર ૨૨૯૫૮ના પ્રસ્થાનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, પરંતુ આ ટ્રેન તેના ગંતવ્ય ગાંધીનગર કેપિટલ સ્ટેશને તેના વર્તમાન નિર્ધારિત સમય ૦૫.૫૫ કલાકને બદલે ૦૫.૪૦ કલાકે પહોંચશે. ૪. ટ્રેન ૧૯૩૧૯ વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસના સમયમાં માત્ર જૂનાગઢ (જી મિનિટ વહેલા પ્રસ્થાન) અને રાજકોટ (૧૦ મિનિટ વહેલા પ્રસ્થાન) સ્ટેશનો પર નાના ફેરફારો કરવામાં આવ્યા છે, ત્યારબાદ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૫. ટ્રેન નં. ૧૯૨૫૨ ઓખા-સોમનાથ એક્સપ્રેસમાં, માત્ર રાજકોટ અને ભક્તિનગર સ્ટેશનોના ઉપડવાનો સમય ૧૦ મિનિટ વહેલા કરવામાં આવ્યો છે. સિવાય કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૬. ટ્રેન નંબર ૧૯૨૫૧ સોમનાથ-ઓખા એક્સપ્રેસના સમયમાં માત્ર ભક્તિનગર (૧૫ મિનિટ વહેલા પ્રસ્થાન) અને રાજકોટ (૭ મિનિટ પછી પ્રસ્થાન) સ્ટેશનો પર નજીવા ફેરફારો કરવામાં આવ્યા છે, ત્યારબાદ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## અવસાન નોંધ

**લીલીયા**

લીલીયા નિવાસી રાજગોર બ્રાહ્મણ સ્વ. ગુણવંતભાઈ ઉમાશંકરભાઈ પંડયા (ગાંડુભાઈ ટોકીઝ)વાળાના ધર્મપત્ની રમાબેન ગુણવંતભાઈ પંડયાનું તા.૪-૫-૨૦૨૪ શનિવારના રોજ અવસાન થયેલ છે. તેઓ દિપકભાઈ પંડયા, રાજેશભાઈ પંડયા, અતુલભાઈ પંડયા અને ચંદ્રિકાબેન જગદીશભાઈ પુરોહિત, જેતપુરના માતૃશ્રી થાય છે.

**અમરેલી**

કનુભાઈ પરશુરામભાઈ વ્યાસના ધર્મપત્નિ ઉષાબેન (ઉ.વ.૭૦) તે હર્ષદભાઈ, પ્રવિણભાઈ, અતુલભાઈ અને વિનુભાઈના ભાભી, રાજેશભાઈ અને રવિભાઈના માતાનુ તા. ૬ને સોમવારે અવસાન થયુ છે. સ્થાનિક અને પિયર પક્ષનુ બેસણુ તા. ૧૦ને શુક્રવારે સાંજે ૪થી ૬ સહજ હોલ, ચક્કરગઢ રોડ, ખાતે રાખેલ છે. લૌકિક અને ઉતરક્રિયા તા. ૧૬/૫ને ગુરૂવારે સહજ હોલ ખાતે રાખેલ છે.

## જામનગરના ધ્રોલમાં જર્જરિત ઇમારત ધરાશાયી થતા ૧ બાળકનું મોત

### અમરેલીનાં રાજમાર્ગો ઉપર ભાજપનાં ઉમેદવાર શ્રી ભરતભાઇ સુતરીયા, શ્રી કૌશિક વેકરીયાની ટીમે ભાજપને વિજયી બનાવવા જનસંપર્ક કર્યો

# અમરેલીમાં શ્રી સુતરીયાનો ડોર ટુ ડોર જનસંપર્ક

## શ્રી નરેન્દ્રભાઇ મોદીને વિજયની હેટ્રીક કરાવવા માટે અને અબ કી બાર ૪૦૦ પારનાં સુત્રને સાર્થક કરાવવા ભાજપનાં શ્રી ભરત સુતરીયાએ પ્રચાર પ્રસાર કર્યો



અમરેલી,

આજે અમરેલી શહેરમાં ભાજપનાંઉમેદવાર શ્રીભરતસુતરીયાએડોર ટુ ડોર લોક સંપર્ક કર્યો હતો. તેમની સાથે અમરેલીનાં ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયા અને ભાજપનાં કાર્યકરો જોડાયા હતાં. લોક સંપર્ક દરમિયાન શ્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાને એક ખેડૂત પુત્રથી વધારે કોણ ઓળખે. જેમણે નાનપણથી ખેતીથી લઈને અન્ય કામો દ્વારા નિર્વાહ કર્યો હોય એ વ્યક્તિ જ અમરેલીની જીવાદોરી ને સમજી શકે અને એ વ્યક્તિ જ અમરેલીને ધબકતું રાખી શકે. અમરેલી લોકસભાના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા આવા જ નાના માણસ પરંતુ કામના માણસ છે. ઘણી કઠીન પરિસ્થિતિઓની વચ્ચે પણ પોતાની મહેનત અને લગન થકી તેઓ સફળતાની સીડી સર કરતા રહ્યા છે. ક્યારેક હિંમત ન હારવી અને સદાય કાર્ય કરતા રહેવું એ જ એમનો જીવન મંત્ર છે. એક પાયાના કાર્યકર્તા ક્યારેય પણ પદની ઈચ્છા રાખ્યા વિના હંમેશા પક્ષ અને અમરેલીની સેવા કરતા રહ્યા છે. અને હવે તેઓ મોટી જવાબદારી મેળવવા જઈ રહ્યા છે. આખા અમરેલી જિલ્લાનો વિકાસ કરીને દરેકે દરેક નાગરિકોના જીવનને સમૃદ્ધ બનાવવું, ખેડૂતોના કલ્યાણ સહિતના અનેક કામો કરવા માટે તેઓ તત્પર છે. ભલે નાના માણસ પણ અમરેલી તેઓ કર્મઠ અને વિશ્વાસુ માણસ છે. સીધા અને સરળ વ્યક્તિત્વ ધરાવતા ભરતભાઈને ચૂંટણીમાં વિજયી બનાવીને આપણે અમરેલીના પ્રતિનિધિ તરીકે શ્રી મોદીની ટીમમાં દિલ્હી મોકલીએ અને અમરેલીના વિકાસને વધુ વેગવંતો બનાવીએ. આવો, ૭ મેના રોજ સવારમાં જ ૩ નંબરનું બટન દબાવીને કમળ અને ભરતભાઈ સુતરીયાને જંગી લીડ સાથે વિજયી બનાવીએ તેવી અપીલ શ્રી કૌશિક વેકરીયાએ કરી હતી.

## અમરેલી શહેરનાં રાજમાર્ગો ઉપર વેપારીઓ અને કોમન મેને શ્રી ભરત સુતરીયાને વિજય માળા પહેરાવી આશિર્વાદ પાઠવ્યાં : શ્રી સુતરીયાએ સૌનો આભાર માન્યો

શ્રી ભરત સુતરીયાને વિજય માળા પહેરાવી અમરેલીનાં વેપારીઓ અને કોમન મેનએ આશિર્વાદ આપ્યાં હતાં. જ્યારે મતદાન કરવાની ખાતરી આપનાર એક દિવ્યાંગને માળા પહેરાવી તેમનું શ્રી સુતરીયાએ સન્માન કર્યુ હતું.


એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
• SI • ફાયર સેફટી
• ANM • GNM
• BSC • PBSC
• D.PHARM
SC St વિદ્યાર્થી ને સ્કોલરશીપ
ધો.૧૦ ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
૭૦૪૩૮ ૧૯૯૫૬
lakshyaeducationamreli@gmail.com
https://lakshyaeducation.org.in/
LAKSHYA EDUCATION
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, અમદાવાદ

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન
જય રામદેવ ટ્રાવેલ્સ
તદ્દન ન્યુ બ્રાન્ડ A/C, NON A/C બસ
નેસડીથી સુરત
તાતણીયાથી સુરત
ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL
ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત
ટાઇમ રાત્રે ૭,૮,૯
ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી
અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦
ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,
Online Booking : www.jayramdevtravels.com

હવે કોઈપણ A.C.ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ
સિમ્ફની એર કુલર
GENERAL MITSUBISHI BLUE STAR Cruise DAIKIN VOLTAS LLOYD IFB BPL HITACHI Kelvinator LG Whirlpool
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઇલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુદરાઇ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

MGA મધુવન ગોલ્ડ આર્ટ
શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
02792 - 222208 94264 23006
madhuvan gold art madhuvangold.in

MARUTI SUZUKI ARENA VITARA BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

વોટર પ્રુફીગ (લેખીત વોરંટી સાથે)
(ફકત ઈમ્પોર્ટેડ વોટર પ્રુફીગ મટીરીયલ વડે)
• ધાબા :- ચાઈના મોઝેક વાળા, ટાઇલ્સ વાળા, કોંક્રીટવાળા
• પતરા :- કોઈપણ જાતના પતરાનું લીકેજ
સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીગ કરી આપીશું.
નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીગ કરાવવા અચુક સંપર્ક કરો.
ડીઝાઈન એન્જીનીયરીગ અને વોટરપ્રુફીગ કન્સલટન્સી
(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઇ શાખા નથી)
કોન્ટેક્ટ નંબર :- 75671 91919, 98983 25787

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
● અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેકશન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
● ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
● તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
● વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
● અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
● કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
● ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
● ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશકિત શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
- દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
- ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
- છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઇલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટબોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કુલ



| ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો.૧૦ P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેક્ચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૬ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

